ॐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મૂલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૩૪ ૧ નવેમ્બર ૨૦૧૭ પાના-૧૬ લવાજમ વાર્ષિક-રૂ.૧૦૦/-

## રાજવાણી - પુષ્પમાળા

૧ રાત્રિ વ્યતિક્રમી ગઈ, પ્રભાત થયું, નિદ્રાથી મુક્ત થયા. ભાવનિદ્રા ટાળવાનો પ્રયત્ન કરજો.

૨ વ્યતીત રાત્રિ અને ગઈ જિંદગી પર દૃષ્ટિ ફેરવી જાઓ.

૩ સફળ થયેલા વખતને માટે આનંદ માનો, અને આજનો દિવસ પણ સફળ કરો. નિષ્ફળ થયેલા દિવસને માટે પશ્ચાત્તાપ કરી નિષ્ફળતા વિસ્મૃત કરો.

૪ ક્ષણ ક્ષણ જતાં અનંતકાળ વ્યતીત થયો, છતાં સિદ્ધિ થઈ નહીં.

૫ સફળજન્ય એક્કે બનાવ તારાથી જો ન બન્યો હોય તો ફરી ફરીને શરમા.

૬ અઘટિત કૃત્યો થયાં હોય તો શરમાઈને મન, વચન, કાયાના યોગથી તે ન કરવાની પ્રતિજ્ઞા લે.

૭ જો તું સ્વતંત્ર હોય તો સંસારસમાગમે તારા આજના દિવસના (૮ પ્રહરના) નીચે પ્રમાણે ભાગ પાડ :-

(૧) ૧ પ્રહર — ભક્તિકર્તવ્ય.
(૨) ૧ પ્રહર — ધર્મકર્તવ્ય.
(૩) ૧ પ્રહર — આહારપ્રયોજન.
(૪) ૧ પ્રહર — વિદ્યાપ્રયોજન.
(૫) ૨ પ્રહર — નિદ્રા.
(૬) ૨ પ્રહર — સંસારપ્રયોજન.

૧૨ કોઈ પ્રાણીને જીવિતવ્યરહિત કરવા નહીં, ગજા ઉપરાંત તેનાથી કામ લેવું નહીં.

૧૬ ગમે તેટલો પરતંત્ર હો તોપણ મનથી પવિત્રતાને વિસ્મરણ કર્યા વગર આજનો દિવસ રમણીય કરજે.

૧૭ આજે જો તું દુષ્કૃતમાં દોરાતો હો તો મરણને સ્મર.

૧૮ તારા દુ:ખ-સુખના બનાવોની નોંધ આજે કોઈને દુ:ખ આપવા તત્પર થાય તો સંભારી જા.

૧૯ રાજા હો કે રંક હો, પરંતુ આ વિચાર વિચારી સદાચાર ભણી આવજો કે આ કાયાનાં પુદ્‌ગલ માત્ર સાડાત્રણ હાથ ભૂમિ માંગનાર છે.

૨૦ તું રાજા હો તો ફિકર નહીં, પણ પ્રમાદ ન કર, કારણ નીચમાં નીચ, અધમમાં અધમ, વ્યભિચારનો, નિર્વંશનો, ચંડાલનો, કસાઈનો અને વેશ્યાનો એવો કણ તું ખાય છે. તો પછી?

૨૧ પ્રજાનાં દુ:ખ, અન્યાય, કર, એને તપાસી જઈ આજે જ ઓછાં કર. તું પણ હે રાજા! કાળને ઘેર આવેલો પરૂણો છે.

૨૨ વકીલ હો તો એથી અર્ધા વિચારને મનન કરી જજે.

૨૪ ધાન્યાદિકમાં વ્યાપારથી થતી અસંખ્ય હિંસા સંભારી ન્યાયસંપન્ન વ્યાપારમાં આજે તારું ચિત્ત ખેંચ.

૨૫ જો તું કસાઈ હોય તો તારા જીવના સુખનો વિચાર કરી આજના દિવસમાં પ્રવેશ કર.

૨૬ જો તું સમજણો બાલક હોય તો વિદ્યા ભણી અને આજ્ઞા ભણી દૃષ્ટિ કર.

૨૭ જો તું યુવાન હોય તો ઉદ્યમ અને બ્રહ્મચર્ય ભણી દૃષ્ટિ કર.

૨૮ જો તું વૃદ્ધ હોય તો મોત ભણી દૃષ્ટિ કરી આજના દિવસમાં પ્રવેશ કર.

૨૯ જો તું સ્ત્રી હોય તો તારા પતિ પ્રત્યેની ધર્મકરણીને સંભાર; દોષ થયા હોય તેની ક્ષમા યાચ અને કુટુંબ ભણી દૃષ્ટિ કર.

૩૦ જો તું કવિ હોય તો અસંભવિત પ્રશંસાને સંભારી જઈ આજના દિવસમાં પ્રવેશ કર.

૩૨ જો તું અમલમસ્ત હોય તો નેપોલિયન બોનાપાર્ટને બન્ને સ્થિતિથી સ્મરણ કર.

૩૩ ગઈ કાલે કોઈ કૃત્ય અપૂર્ણ રહ્યું હોય તો પૂર્ણ કરવાનો સુવિચાર કરી આજના દિવસમાં પ્રવેશ કર.

૩૪ આજે કોઈ કૃત્યનો આરંભ કરવા ધારતો હો તો વિવેકથી સમય, શક્તિ અને પરિણામને વિચારી આજના દિવસમાં પ્રવેશ કર.

**- શ્રીમદ્ રાજચંદ્ર**

## ગાંધી દર્શનની અનિવાર્યતા

અમેરિકામાં લાસ વેગાસમાં સ્ટીફન પેડોકે અંધાધૂંધ ગોળીબાર કરીને ૫૮નાં મોત નીપજાવ્યાં અને ૫૧૫ લોકોને ઘાયલ કર્યાના સમાચારને ગાંધી જયંતીએ કઈ રીતે ઓળખશું? 'જે તલવારથી લે છે તેનો અંત તલવારથી આવે છે' એ ઈશુ વચન અને ભારતના સ્વાતંત્ર્ય માટે હથિયાર ન લેતાં, અહિંસક આંદોલન કરનાર મહાત્મા ગાંધીના જીવન-કાર્યને જુદી રીતે જોવા પ્રેરે છે.

અમેરિકા વસાવનાર તેના પૂર્વજોએ બંદૂકની અણીએ સ્થાનિકોનો સર્વનાશ કરીને અમેરિકા વસાવ્યું અને બંદૂક દ્વારા સ્વરક્ષણ, પ્રભાવ અને આધિપત્ય મેળવાય એ સ્થિર કરવામાં અમેરિકાએ પોતે પણ ઓછું ગુમાવવાનું નથી આવ્યું. વર્ષે ૩૦ હજાર માણસો બંદૂકથી મરે છે એ આંકડા અમેરિકાએ જાહેર કરેલા છે.

કોઈનું ગાંડપણ, ઝનૂન કે અંધ ધાર્મિકતા અનેકના વિનાશનું કારણ બની શકે છે.

અમેરિકાએ આખા જગતને એ વિચાર આપવાનો પ્રયત્ન કર્યો છે કે બંદૂકથી તમારું રક્ષણ થશે અને બજાર જ અર્થતંત્રનું નિર્ણાયક તત્વ છે. હથિયાર અને બજારમાં ટકી રહેવા ગમે તેટલું ખોટું કરવામાં વાંધો નહિ. આ વિચારસરણી જ અનેક અનિષ્ટોને આમંત્રણ આપે છે.

ગાંધીજીએ નવી ઉત્પાદન પદ્ધતિઓ કે અર્થશાસ્ત્રના સિદ્ધાંતો સૂચવ્યાં એ કરતાં નવી જીવનપદ્ધતિ સૂચવી એ કેટલું વધારે વાજબી થશે. જે વ્યક્તિ, સમાજ અને સમષ્ટિના કલ્યાણ માટે અતિ આવશ્યક છે વિકેન્દ્રીકરણ અને સાધનશુદ્ધિ એ માનવજાતના અસ્તિત્વ સાથે જોડાયેલું દર્શન છે. માનવજાતને સંપીને, સંવાદી રીતે, પરસ્પર પોષક રીતે, ન્યાયી અને જવાબદાર રીતે જીવવું હશે તો ગાંધીજીનો માર્ગ માનવજાતે સ્વીકારવો પડશે. તેનાં આ ઈંગિતો છે. આપણી ઊંઘ એટલી ગાઢ છે કે આવાં ઈંગિતો આપણી ચેતના સુધી પહોંચતાં નથી.

બંદુક સંસ્કૃતિ કે બજાર આધારિત સંસ્કૃતિ સર્વનાશ માટે જ પ્રેરે છે. (ચીનની મહત્ત્વાકાંક્ષા કે ઉત્તર કોરિયા-અમેરિકાની કટોકટીમાં એ જોઈ શકાય.) તે પ્રેમ અને વિશ્વાસના વિશ્વ-નિયમને જ ઉચ્છેદે છે. ગાંધીજીનું દર્શન આપણને રાહ બતાવી શકે તેમ છે. જાગવું કે નહિ એ માનવજાતે નક્કી કરવાનું છે.

**- મનસુખ સલ્લા**

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો...**
**શ્રીમદ્ રાજચંદ્ર**

## એક કડવી વાસ્તવિકતા

એક કરતા વધુ કાગળ (પેપર્સ)
ને એક સાથે જોડી રાખનાર પીન જ
કાગળને સૌથી વધુ ખુંચતી હોય છે.
એ જ પ્રમાણે પરીવારને પણ
એજ વ્યક્તિ ખુંચતી હોય છે
જે પરીવારને જોડીને રાખે છે.

સાહેબ, ક્યારેય એ પીન રુપી ઘરના સભ્ય
પરીવારની આત્મીયતા માટે
જો કડવા શબ્દો કહે તો
તેને આનંદ સભર સ્વીકારી લેજો.
મનદુ:ખ ન લગાવશો.
કારણ કે જે દિવસે તે પીન નીકળી ગઈને
સાહેબ તે દિ પરીવારના પત્તાઓને
વેરવિખેર થતા કોઈ નહી અટકાવી શકે.

**આત્મીયતા એ જ સર્વે રોગની દવા છે.**

**- શ્રી મોરારીબાપૂ**

### આ અંકમાં


| | | પાના નં. |
|---|---|---|
| રાજવાણી | શ્રીમદ્ રાજચંદ્ર | ૧ |
| ગાંધી દર્શનની અનિવાર્યતા | મનસુખ સલ્લા | ૨ |
| કડવી વાસ્તવિકતા | મોરારીબાપુ | ૨ |
| તંત્રી સ્થાનેથી-દર્શન વિશુદ્ધિનું દોહન | મુનીશ્રી નેમીચંદ્રજી | ૩ |
| વૈકુંઠ તારા હૃદયમાં છે | ચિતરંજન વોરા | ૪ |
| ખૂટતું મળે ખરૂ | દિનેશ ગજ્જર | ૫ |
| પ્રમાણિતાનો પુરસ્કાર | ડો. કુમારપાળ દેસાઈ | ૬ |
| ગાંધીજી અને શ્રીમદ્ રાજચંદ્રજી | મુમુક્ષુઓ | ૭ |
| માન અપમાનનું રિમોટ | પ્રણવ પંડયા | ૮ |
| ભારતમાં ગાય પૂજનીય શા માટે | હરકિસન જોષી | ૮ |
| સચ ઔર ઝૂઠ | ઓશો | ૯ |
| પૌત્રને લાડ લડાવવાનો શોખ | અનિલ દેવપુરકર | ૧૦ |
| શાંત મન | શાંતિલાલ ગડા | ૧૧ |
| શ્રમજીવીઓના હિતમાં | દાદા ધર્માધિકારી | ૧૧ |
| રાજનીતિમાં, છતા ઋષિજીવન | કિશોર મકવાણા | ૧૨ |
| અકેલાપન એવમ્ એકાન્ત | ઓશો | ૧૨ |
| વિપતિ નવુ જીવન લાવે છે | વિનેશ અંતાણી | ૧૩ |
| સ્વચ્છતાનો ચેપ | દિવ્ય ભાસ્કર | ૧૩ |
| સ્વપ્ન જોનાર | ખબર પત્રિકા | ૧૪ |
| વાંચકોના પત્રોમાંથી, કવિતા, લવાજમ મળેલ છે. | | ૧૫ |
| કાંચની બરણી અને બે કપ ચા-વાર્તા | શાંતિલાલ ગડા | ૧૬ |

## તંત્રી સ્થાનેથી...

# દર્શન-વિશુદ્ધિનું દોહન

આ જગતમાં ધર્મ, જાતિ, સંપ્રદાય, પ્રાન્ત, ભાષા, રાષ્ટ્ર, વિચારધારા વગેરેને નામે ક્યાંક અથડામણો થાય છે, ક્યાંક યુદ્ધમય સંઘર્ષો થાય છે, ક્યાંક માનસિક કલેશો થાય છે, ક્યાંક એકબીજાની નિંદા કરવાની હરીફાઈ ચાલે છે, ક્યાંક વહેમ, પામરતા, અંધવિશ્વાસ વગેરેને લઈ માણસ અશાન્ત થાય છે; આ બધાનાં મૂળમાં 'દર્શનની અશુદ્ધી' જ કારણભૂત છે; કારણ કે દર્શન કે દ્રષ્ટિ ઉપર જ્યારે આવાં આવરણો આવી જાય છે, ત્યારે જગતનું દર્શન ઊલટું થાય છે અને દર્શન ઊલટું હોય તો જ અશાન્તિ પેદા થાય. એટલા માટે જ માણસને મુક્તિ–પરમ આનંદ અથવા નિર્વાણ–પ્રાપ્ત કરવા માટે સૌથી પહેલાં શુદ્ધ–સમ્યક–દર્શનની અનિવાર્યતા બતાવી છે. જૈન ધર્મે જ નહિ, લગભગ બધા ધર્મોએ–પારિભાષિક શબ્દમાં ભલે અંતર હોય-પણ સાચા અને સ્પષ્ટ દર્શનને પહેલાં અનિવાર્ય ગણ્યું છે. શ્રદ્ધા faith, truth, હકીકત, સચ્ચાઈ, સત્ય, વિદ્યા, સમ્યકત્વ, યકીન વગેરે જુદા-જુદા નામોથી જુદા જુદા ધર્મોએ આ વસ્તુને આલેખી છે. માણસ આ સંસારને સુખમય, સમ્યક્ સારવાળો અને શાન્તિપ્રદાયક બનાવે, અને પોતે વ્યક્તિગત, વર્ગીય, જાતીય, સાંપ્રદાયિક, રાષ્ટ્રીય, વગેરે ઘણાં સંકુચિત સ્વાર્થો, મૂઢતાઓ, પરંપરાગત કુસસ્કારો, કુપ્રથાઓ અને હાનિકારક વિચારોથી ઉપર ઊઠીને સૂક્ષ્મ અને અવ્યક્ત વાસનાઓથી મુક્ત બને; તે માટે દર્શન-વિશુદ્ધિ આવશ્યક જ નહિ, અનિવાર્ય છે. એટલા માટે જ વૈદિકધર્મની ભાષામાં વાનપ્રસ્થી અને જૈન પરિભાષા પ્રમાણે પ્રતિમાધારી શ્રાવક માટે સૌથી પહેલું વ્રત 'દર્શનવિશુદ્ધિ'નું બતાવ્યું છે; તેમજ તીર્થંકર (સંઘરચના કરનાર) માટે વીસ કારણો પૈકી પહેલુ કારણ તત્ત્વાર્થ સૂત્રમાં 'દર્શક વિશુદ્ધિ' બતાવ્યું છે. એટલે જ આપણે કહીએ છીએ કે લોકસેવા, સદાચારપાલન, વ્રતનિયમપાલન, ધર્માચરણ, સદ્વ્યવહાર વગેરે બધાની પાછળ દ્રષ્ટિ સાફ હોવી જોઈએ. લોકસેવકો અને ક્રાંતિપ્રિય સાધુસાધ્વીઓ માટે તો પહેલી શરત સર્વાંગી સ્પષ્ટ દ્રષ્ટિની છે જ. માણસમાં જ્ઞાન-કેટલુંય હોય, ભલે છએ દર્શન તેને કંઠાગ્ર હોય, તે ઘણી વિદ્યાઓ અને વિજ્ઞાનોમાં નિષ્ણાત હોય, પણ તેનું દર્શન વિશુદ્ધ ન હોય તો તેનું તે જ્ઞાન, તે વિજ્ઞાન અને તે વિદ્યા સમ્યક્ જ્ઞાન નથી; મિથ્યા જ્ઞાન છે. આ બધી દ્રષ્ટિએ વિચારતાં દર્શન વિશુદ્ધિનું મહત્ત્વ ચોક્કસ સમજાય છે.

હવે સવાલ એ થાય છે કે દર્શન શું ? દર્શનની અશુદ્ધિ શું ? વિશુદ્ધિ શું ? તેનાં કારણો શા છે ? એના ઉપર ક્રમશઃ વિચારીએ.

માણસ જ્યારે આ જગતમાં આવીને આંખો ઉઘાડે છે, ત્યારે એની નજરમાં આખું દ્રશ્યમાન જગત આવે છે, એ જગતને ઝીણવટથી બુદ્ધિ અને શ્રદ્ધાની આંખો ખુલ્લી રાખીને જુએ, વિચારે, સત્ય ગમે ત્યાંથી મળે તેને શોધવાનો અને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે એ જ દર્શન છે, એને જ આપણે સમ્યક્દર્શન કહીએ છીએ. સમ્યક્દર્શન એક દ્રષ્ટિ છે, દિશા છે, તેનું વિવેકપૂર્ણ અને બુદ્ધિગમ્ય રૂપ માનવને માટે શ્રદ્ધા-ભક્તિથી ગ્રાહ્ય છે; એવું સમ્યક્દર્શન માત્ર ભક્તિ કે શ્રદ્ધામાં જ પરિસમાપ્ત થતું નથી, પણ તે ભક્તિ, જ્ઞાન અને કર્મયોગમાં પ્રાણ પૂરનાર, પ્રકાશ ભરનાર દ્રષ્ટિયોગ છે; એને આપણે અર્ન્તમનનું અજવાળું અથવા આત્મામાં સ્થિત વિવેક પણ કહી શકીએ. એનો ક્રમ આ પ્રમાણે થાય છે–મિથ્યાત્વ ત્યાગ, સત્યની શોધ, સમ્યકત્વ ગ્રહણ અને સત્ય ઉપર દ્રઢ શ્રદ્ધા. આ પ્રકાશને જ આપણે શુદ્ધ દર્શન કે દર્શનની વિશુદ્ધિ કહીએ છીએ. એવી દર્શનવિશુદ્ધિ જેનામાં હોય, તે વિકૃતિ, મિથ્યાત્વ કે અસત્યના ઢગલામાંથી સત્યને ધૂળધોયાની માફક કાઢી લેશે; અને અસત્ય, અકલ્યાણકારી તત્ત્વ કે અનિષ્ટ વસ્તુને કાઢીને ફેંકી દેશે. એવી સત્ય દ્રષ્ટિ મળ્યા પછી માણસને માટે અધિકાધિક સત્ય પામવાનો માર્ગ ઉઘાડો થઈ જાય છે. અને પછી તે સત્ય પૂરતો પૂરી વફાદારી સાથે, કોઈ પણ પક્ષપાત, અસ્વાભાવિક બંધન, ટેવ કે કુસંસ્કારોને અધીન થયા વગર કષાય શાન્ત કરીને ધૈર્યપૂર્વક જે સત્યને ગ્રહણ કરશે તેનો વિવેકબુદ્ધિથી નિર્ણય કર્યા પછી, તે સત્યને પોતાની સદ્વૃત્તિ–પ્રવૃત્તિઓનો આધાર બનાવશે; જેના ઉપર ચાલીને તે સ્વ-પરનું કલ્યાણ કરી શકશે. એને જ આપણે દર્શન વિશુદ્ધિ, દ્રષ્ટિની નિર્વિકારિતા, નિર્મળતા કે સમ્યકદર્શનની અવસ્થા કહી શકીએ.

જેની દર્શનવિશુદ્ધિ થઈ ગઈ હશે. તેવા માણસની દ્રષ્ટિ સાર્વત્રિક (વ્યાપક) હશે, સાર્વકાલિક હશે, એટલે કે પ્રાચીનતા કે નવીનતાના મોહથી મુક્ત હશે, સમભાવી હશે. એટલે કે તેની દ્રષ્ટિમાં પક્ષપાતની દુર્ભાવના, સ્વત્વમોહ કે દ્વેષની કાળાશ, દુઃસ્વાર્થની બદબો અગર તો સંસ્કારોની આંધળી ગુલામી નહિ હોય. તેની દ્રષ્ટિ સાપેક્ષવાદી હશે એટલે કે તે દરેક વસ્તુને જુદા-જુદા દ્રષ્ટિકોણો, પાસાંઓ કે અપેક્ષાઓથી અથવા વિભિન્ન અંગોથી તપાસશે, અભ્યાસ કરશે. તેની દ્રષ્ટિ સમન્વયવાદી એટલે આદર્શ અને વ્યવહાર, કર્તવ્ય અને અધિકાર વગેરેનો સમન્વય કે સમતુલા કરવામાં નિષ્ણાત

હશે, તેની દ્રષ્ટિ શ્રદ્ધા અને બુદ્ધિ બન્નેને સાથે લઈ ને ચાલશે. તે પરથી માંડીને જગત સુધી બધી સમસ્યાઓને વિશ્વવ્યાપક દ્રષ્ટિકોણથી જોશે, વિચારશે અને વ્યાપકનીતિ–ધર્મની દ્રષ્ટિએ તેનો ઉકેલ શોધશે; એ ઉકેલ શોધવામાં તે પ્રાણીમાત્રના હિત સુધીની વિશાળ દ્રષ્ટિ રાખશે.

દર્શનની અશુદ્ધિ કે વિકાર એ જ છે કે જ્યારે કોઈ સમસ્યાને સાંકડી અને દુ:સ્વાર્થની દ્રષ્ટિએ જોવામાં આવે છે, પોતાપણાના મોહ અને મૂઢતાઓને લીધે ભ્રમોનો શિકાર બની જવાય છે, દરેક વિચાર, દર્શન કે ધર્મના વાક્યને માત્ર એક જ પાસાંથી, એક જ અપેક્ષાથી, તેના એક જ અંગને જોવામાં આવે છે, બુદ્ધિ દ્વારા શુદ્ધતર્કને બદલે કાં તો પોતાની નબળાઈ ઢાંકવા માટે ખોટા તર્કો ચલાવવામાં આવે છે, કાં તો આંધળી શ્રદ્ધાને વશ થઈ ચાલવામાં આવે છે; જે વસ્તુ અસત્ય છે, અંધવિશ્વાસથી પ્રેરિત છે, તેને કલ્યાણકારિતાની સાથે પોતાના ટૂંકા સ્વાર્થવશ જોડી દેવામાં આવે છે અગર તો અહંકારવશ પોતે જે માને છે, તેમાં ભૂલની સંભાવના જ નથી, તે જ સત્ય છે, એમ માની બીજા પાસે રહેલ શુદ્ધ સત્યને અવગણવામાં આવે છે. આ જ ઝેર છે, મળ છે કે વિકાર છે. જે માણસના દર્શનને અશુદ્ધ બનાવીને જગતમાં ધર્મ, સંપ્રદાય, રાષ્ટ્ર, જાતિ, વિચારધારા કે વાદ વગેરેને નામે અનેક અનર્થો સર્જ્યા કરે છે. એવી અસત્ય દ્રષ્ટિથી માણસ દરેક વાતમાં અસત્ય દ્રષ્ટિએ જ વિચારે છે, અસત્ય પરિણામે જ પહોંચે છે. તે ભય, પ્રલોભન, ખોટી કલ્પનાઓ, અંધવિશ્વાસો વગેરે ઉપર આધારિત ખોટા સિદ્ધાન્તોનો આશ્રય લઈને જનસમાજને ખોટી રાહે ચીંધે છે. દર્શનની અશુદ્ધિવાળો માણસ વિચારોની અનિશ્ચિતતા કે વિચારોને શુદ્ધ અને નિશ્ચિત બનાવવાની અનિચ્છાને લીધે ખોટો સંતોષ માનીને ધર્માચરણ માટે નિષ્ક્રિય બની જાય છે. આવી દર્શન વિશુદ્ધિ માત્ર પુસ્તકો વાંચવાથી કે સાચી દ્રષ્ટિ વગર અને સત્ય અને અસત્ય બન્નેનો સમન્વય કરવાથી, અગર તો ખુશામતી વૃત્તિ દ્વારા સમન્વય સાધવાથી નથી આવતી. દર્શન વિશુદ્ધિ સર્વાંગી વ્યાપક દ્રષ્ટિવાળા પુરુષોના સંપર્કથી, જનસેવાના વિવિધ કાર્યોના અનુભવોથી, દ્રષ્ટિશુદ્ધ અને તર્કશુદ્ધ સાહિત્ય વાંચનથી, તેમજ વિચારણા, ગવેષણા, ચિંતન, નિરીક્ષણ, પરીક્ષણ, શોધખોળ, મનન વિશ્લેષણ, વિવેક, સમ્યક્ નિર્ણય અને નિર્ણીત ઉપર શ્રદ્ધાથી થાય છે.

**- મુનિશ્રી નેમીચંદ્રજી ધર્માનુંબંધી ભા.૮માંથી**

**નોંધ: અહિંસક ક્રાંતિનો આ પાયો છે. શબ્દો મુનિશ્રીના છે પણ આ અમારું હૃદય છે. - તંત્રી**

## ''વૈકુંઠ તારા હૃદયમાં છે''

હમણા જ એક પુસ્તક ''વૈકુંઠ તારા હૃદયમાં છે'' નો સ્વાધ્યાય થયો સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું એક સ્પષ્ટ દર્શન આ પુસ્તકના માધ્યમે લીયો ટોલ્સ્ટોય આપણને કરાવે છે.

આજના આપણા મનાતા સુખ સાહેબી, સલામતી માટે આજની વ્યવસ્થા જરૂરી છે એમ આપણે માનીએ છીએ. પણ આ વ્યવસ્થાના નામે એક મોટી ભ્રાંતિ છે, જેને આપણે સાચી માનીએ છીએ, જો ખરેખર વિચારીએ તો અંતરાત્માને અંદરથી હચમચાવી દે એવી આ સર્વ વ્યવસ્થા (અવ્યવસ્થા) છે.

આ પુસ્તક અદ્‌ભૂત છે. આપણી આજની સર્વ સમસ્યાનો ઉકેલ જોઈતો હોય તો, સત્યને, સ્વને, ધર્મને, સાચી રીતે સમજવો હોય તો, આ પુસ્તકનો સ્વાધ્યાય કરવો જ રહ્યો. પ્રકાશક: નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૩૮૦૦૧૪ - **તંત્રી**.

સ્વતંત્રતા કલ્યાણ તરફ લઈ જાય છે, એટલું જ નહીં, પણ તે ઉપરાંત જીવનમાં અને જગતમાં સત્ય વડે સિદ્ધ થઈ રહેલા કાર્યમાં સહયોગી બનવા માટે તે સાધનરૂપ પણ બને છે. પ્રભુ ઈશુના ઉપદેશ મુજબ જે માણસ પોતાને સ્વતંત્રતા નથી તેવા ક્ષેત્રમાં, એટલે કે કર્મને પરિણામને લગતા ક્ષેત્રમાં પોતાના જીવનનો અર્થ સમજે છે, તે સાચા જીવનથી જ વંચિત રહે છે. ખ્રિસ્તી સંદેશ મુજબ, સાચું જીવન તેના આદિ કારણને સમર્પિત હોય તે છે. આદિ કારણના સ્વીકારમાં સત્યનું જ્ઞાન છે, તેમાં સાચી સ્વતંત્રતા છે. જે માણસ સત્યને સ્વીકારે છે તેનાં કર્મ અનિવાર્યપણે સત્યમય બને છે, સત્ય વડે જ તેનાં કર્મ દોરવાય છે; જેમ ઘોડા વડે ગાડી.

માણસ શરીરમાં આસક્ત હોય એટલે તેનું ધ્યાન બાહ્ય દુન્યવી કારણોમાં રોકાયેલ રહે છે, જે સ્થળકાળ ઉપર આધાર રાખનારાં હોય છે. આવો માણસ સર્જકનું નહીં પણ ગુલામનું જીવન જીવે છે. તેનાથી વધુ ઉપરી વૈશ્વિક સત્તા તેની મારફત બધાં કામ કરાવે છે, છતાં તે જાણે પોતે કરે છે એવી કલ્પનામાં રહે છે. એ જે કામ કરે તે પોતાની જાતને છેતરવા માટે કરે. પણ માણસ જો તેની પોતાની સમક્ષ સ્વયં પ્રકાશિત સત્ય માટે નિષ્ઠાવાન હોય, વિશ્વના એ આદિ કારણ સાથે પોતાનું સાયુજ્ય સમજતો હોય તો એ સ્થળકાળથી પર એવાં નિ:સ્વાર્થ કર્મ કરશે, જે અન્ય તમામ માટે કારણરૂપ બનશે અને જેનું માહાત્મ્ય અસીમ અને અનંત હશે.

જીવનના પાશવી ભૌતિકવાદી ખ્યાલ ધરાવનાર માણસો સાચા જીવન માટે અનિવાર્ય મૂળભૂત બાબત

તરફ અવહેલના બતાવે છે. સત્ય માટે નિષ્ઠાપૂર્વક સાચું જીવન સંભવ છે, એ તેઓ સ્વીકારતા નથી, અને સ્વાર્થમય જીવનને બાહ્ય સુખસગવડોથી શક્તિશાળી બનાવવાના પ્રયાસ કરે છે. ઈશ્વરના રાજ્યમાં પહોંચવા માટે જરૂર છે એ માટેના પ્રયાસની. બાહ્ય પરિસ્થિતિથી ઉપર ઊઠવાના ઉગ્ર પ્રયાસ વિના અને સત્યના સ્વીકાર તથા તેની ઘોષણા વિના ઈશ્વરનું રાજ્ય સંભવ બને નહીં. એવો પ્રયાસ આપણા જમાનામાં જ થઈ શકે અને એ કરવો જ રહ્યો.

આજે માણસે આ સમજવું પડશે. તેણે બાહ્ય જગતના જે વ્યવહારોમાં સ્વતંત્રતા નથી, તેનાથી મળતી અશાંતિથી દૂર રહેવું જોઈએ. અને આજે તેની જે શક્તિ સ્વતંત્રતા રહિત ભૌતિક સુખ માટેના વ્યવહારો પાછળ વપરાય છે તેના એક સોમા ભાગની શક્તિ જેમાં તેની સ્વતંત્રતા ટકી રહે છે તે, એટલે કે સત્યના સ્વીકાર અને તેના સાક્ષાત્કાર માટે ખર્ચવી જોઈએ, સત્યને છુપાવનાર જૂઠાણાં અને દંભમાંથી પોતાની જાતને અને બીજાને છોડાવવા પાછળ ખર્ચવી જોઈએ, અને તે પણ સંઘર્ષ કે હિંસા વિના.

માનવીને પીડાકારક અને ભયંકર આપત્તિઓની ધમકીરૂપ અસત્યમય જીવનવ્યવસ્થાનો અંત તત્કાલ આવવો જ જોઈએ. ત્યારે જ ઈશ્વરનું રાજ્ય, ભલે કદાચ માણસોની સભાનતાના પ્રમાણ મુજબ તેના પહેલા તબક્કામાં, સંભવ બની શકે.

માનવ સમક્ષ સત્ય ક્યારનુંયે પ્રકાશિત થઈ ચૂક્યું છે. તેથી હવે સેંકડો, હજારો અને લાખો લોકો ઉપર, અને આપણી જાગૃતિ વડે રચાતા લોકમત ઉપર, અને પરિણામે જીવનવ્યવસ્થામાં સંપૂર્ણ રૂપાંતર ઉપર સત્ય સંપૂર્ણ કબજો લઈ લે તે માટે આજે થોડાક જ પ્રયાસની જરૂર છે અને તે આપણે જ કરવાનો છે. આપણે સત્યને જોતા નથી. એ દંભ અને જૂઠાણાંથી આપણે મુક્ત થવાનું છે. અથવા આપણે તેને અનુસરવા તો માગીએ છીએ પણ એ જે ચાહે છે તે મુખ્ય બાબત સિવાય. આપણે જોઈ શકીશું કે બીજા પણ લાખો લોકોની સ્થિતિ આપણા જેવી જ છે. તેઓ સત્ય સમજે છે, પણ બીજા તેને અનુસરે તેની રાહ જુએ છે.

માણસો દંભનો ઈનકાર કરે તો તરત જ અસત્યના પાયા પર ઊભેલાં માળખાં તૂટી પડશે. ઈશ્વરે નિર્મેલું છે માટે એ બધું ટકે છે અને આપણે તેને વેઠવાનું છે એવી માન્યતાના બંધનમાંથી આપણે મુક્ત થવું પડશે. આપણા અને બીજા બધાના ટેકા વડે દંભ અને જૂઠાણાં ચાલે છે. એ વિના એ તૂટી જ પડે.

આજની નજર સામેની દુનિયાની અને માનવજીવનની હાલની વ્યવસ્થાઓ અને સંસ્કૃતિએ સર્જેલાં સમાજનાં, ધર્મનાં આજનાં માળખાં તૂટી પડે તો દુનિયાનું શું થાય? માનવજીવનનું થાય શું? સીધી સાદી એક વાત તો સ્પષ્ટ છે કે જે મકાન નબળું હોય અને જેની છત ગમે ત્યારે તૂટી પડવાની હોય તો તે મકાનમાં રહેવામાં ડહાપણ નથી, એમાં ગમે ત્યારે કચડાઈ મરવાનું છે. માટે, આજના જગતની હાલત જોતા એથી વધુ ભયજનક સ્થિતિની કલ્પના થઈ શકે તેમ નથી. જે રીતે શસ્ત્રોના ખડકલા પાછળ રાષ્ટો લશ્કરી તાકાત વધારતાં જાય છે, જે રીતે કરવેરા નીચે પ્રજા પિસાતી જાય છે, જે રીતે ધનિકો અને ગરીબો વચ્ચે ખાઈ વધે છે અને ધિક્કાર વધે છે, અને ડિમોકલીઝની તલવાર જેવાં યુદ્ધ સદાયે માથાં પર તોળાઈ રહેલ હોય છે, તેથી વધુ ભયજનક સ્થિતિની કલ્પના થઈ શકે તેમ નથી.

આજના સમાજની વ્યવસ્થા એટલે કે ખરેખર તો અવ્યવસ્થા વડે જીવનમાં જે સંકટો અને આપત્તિઓનાં આતંક જેવાં અકુદરતી અને કૃત્રિમ બલિદાનો લેવાય છે, ગરીબી, અજ્ઞાન, અનીતિ અને એક આખી સદીની ક્રાંતિકારી ઊથલપાથલથી પણ જેટલો વિનાશ થઈ શકે નહીં તેટલો વિનાશ કરનારાં નાનકડાં પણ યુદ્ધના પડછાયા નીચે માનવતા જીવે છે, તેથી વધુ ભયજનક સ્થિતિની કલ્પના થઈ શકે તેમ નથી. આજની વ્યવસ્થાઓમાં જે અસત્ય છે, તેનો નાશ થશે અને તેમાનું જે સત્ય છે તે નીખરી આવશે ને ખીલી ઊઠશે. જે કંઈ છે તે બધું જ સત્યની અભિવ્યક્તિ છે. આવનારાં પરિવર્તનો થાય છે કે થશે તે સત્યની સમીપ લઈ જનાર અભિવ્યક્તિરૂપે થાય છે. આવનારાં પરિવર્તનો તેની રીતે ભલે અલગ હશે પણ તે વધુ સારાં, વધુને વધુ ઉચ્ચ કક્ષાનાં હશે.

**પાના નં.૧૭૮-૧૭૯, અનુ. ચિતરંજન વોરા**

## ખૂટતું મળે ખરૂ ?

વિચાર કરો કે જો બધાં જ સુખી હોય તો શું થાય? એક યુવક યુવતિ પ્રેમમાં પડ્યાં, ઘરે વાત કરી, ઘરનાં લોકોએ લગ્ન કરાવી દીધાં, સંતાનો થયાં, સંતાનો પણ સેટ થયાં અને બંનેએ વૃધ્ધાવસ્થામાં સાથે છેલ્લો શ્વાસ છોડ્યો. વાર્તા પૂરી પણ કાંઈ એવું રોમાંચક આવ્યું જ નહી જ્યાં શ્વાસ થંભી જાય, જ્યાં જીવ ઉંચો થઈ જાય કે જ્યાં સંઘર્ષ થાય. જે માંગ્યુ જ્યારે માંગ્યુ અને જેટલું માંગ્યુ એટલું મળી જ ગયું. પણ સ્ટોરીમાં ઈન્ટરેસ્ટીંગ કાંઈ ના રહે. એટલે ડાયરેક્ટર એમાં મસાલો મૂકે, વિલન વેદના મૂકે, કોઈક પીક્ચરમાં ઘણીવાર વેદનાઓનો ઉકેલ બાકી જ રહે અને હીરો-હીરોઈન મરી પણ જાય. જીવન કાંઈક એવું જ છે. અનેક લોકો ઉકેલ લાવવામાં જ ઉકલી ગયા છે

ભાઈ! આ કશુંક ખૂટે છે એટલે જ જીવન રસપ્રદ છે, એ મેળવવામાં સહુની સવાર ઉગે છે, અને એની મથામણનાં થાકમાં રાતની ઉંઘ આવે છે.

તો ખૂટતું મેળવવા શું કરવું? ખૂટતું મળે ખરું? હા પ્રયત્નો કરવાથી ખૂટતું મળે ખરું પણ એટલું ચોક્કસ યાદ રાખવું જોઈએ કે જે જોઈએ અને જ્યાંથી જોઈએ ત્યાંથી જ મેળવવાનો આગ્રહ આપણને દુ:ખી કરે છે, એ પૈસો હોય કે પ્રેમ।

આપણને શું જોઈએ છે? જો કેરી જોઈતી હોય તો આંબો વાવવો જોઈએ. જો પ્રેમ જોઈ તો હોય તો પ્રેમ આપવો જોઈએ. એ વાત ૧૦૦% સાચી છે પણ જે આંબો વાવે તે જ આંબો કેરી આપે? જેને પ્રેમ આપો તે જ તમને પ્રેમ આપે? આ આગ્રહ દુ:ખનું કારણ છે. હું એના દીકરાનાં લગ્નમાં ગયો હતો અને મે તેનાં રસોડાની પૂરી જવાબદારી સંભાળી હતી તો એણે જ મારા દીકરાનાં લગ્નમાં રસોડામાં રહેવું પડે તેવો આગ્રહ રાખો તો ખોટું છે અને સંબંધ બગડે છે. એટલું સ્યોર છે મદદ કરો તો મદદ મળે ખરી, જો તમે કોઈનાં પ્રસંગ ઉકેલવામાં પૂરાં દિલથી સેવા કરી હશે તો તમારો પ્રસંગ એકદમ શાંતિથી ઉકેલાઈ જશે એ પાક્કુ. તમને તમારા કર્મનું ફળ મળી જાય છે. પણ મદદ કરનાર માણસ બદલાઈ જાય છે. એટલે આપણને જે જોઈએ તે આપણે બીજાને આપતાં રહો, જો માન જોઈએ તો માન આપો, જો પૈસા ખૂટતા હોય તો મિત્રોને જોઈતી નાની નાની મદદ કરો અને લોકોના મનમાં તમારી છબી સારી ઉભી થશે તો તમે જેને મદદ કરી છે એ લોકો મદદ નહી કરે પણ કોઈ અજાણ્યો માણસ આવી તમારી સારા અને ભલા માણસની છાપને માન આપીને તમને મોટી મદદ કરશે.

જીવનમાં એવું મોટે ભાગે નથી બનતું કે તમે જેને ખૂબ ચાહો એ જ તમને ખૂબ ચાહે... પણ કોઈક તો એવું હોય છે જે તમને ખૂબ ચાહતું હોય છે. જો તમારાં જીવનમાં પ્રેમ ખૂટતો હોય તો પણ જગતમાં તમામ સાથે પ્રેમથી રહો, તમારો પરિવાર કે તમારા સગાસંબંધીને માન-લાગણી અને પ્રેમ આપો તેનો બદલો તમને કદાચ પરિવાર તરફથી ધીક્કાર મળતો હોય તો પણ મિત્રો અને સમાજ તમને માન-લાગણી અને પ્રેમ આપશે. જીવન કેટલાંક સાવ સાદા સમીકરણોથી બનેલું છે અને આપણે જ ક્યારેક અઘરાં સમીકરણોમાં ગૂંચવાઈ જઈએ છીએ.

**- લેખક : દિનેશ નટવરલાલ ગજ્જર, રતનપર, મો.૯૮૨૫૭૭૬૨૭૪, સૌ. ''વજાનુ વાત્સલ્ય''**

## પ્રામાણિકતાનો પુરસ્કાર

પ્રજાપ્રિય રાજવીએ જોયું કે એના રાજ્યમાં સર્વત્ર ભ્રષ્ટાચાર અને અવ્યવસ્થા વ્યાપી ગયાં છે. પોતે પ્રજાને આટલો બધો ચાહતો હોવા છતાં રાજ્યની સ્થિતિ કેમ આવી થઈ ગઈ હશે? કારણની તપાસ કરતાં જાણવા મળ્યું કે એના દરબારીઓ માત્ર ખુશામતખોરો બની ગયા છે. રાજાને રાજ્યની સાચી પરિસ્થિતિથી વાકેફ રાખતા નથી અને તેથી રાજ્યમાં અંધાધૂંધી પ્રવર્તે છે.

રાજાએ વિચાર્યુંકે આ દરબારીઓમાંથી કોઈ પ્રામાણિક વ્યક્તિ શોધવી પડશે, તો જ રાજકાજ બરાબર ચાલશે. એની પરખ કરવા માટે રાજાએ એક યુક્તિ અજમાવી. એણે દરબારના ચાર મુખ્ય દરબારીઓને બોલાવીને દરેકને બીજ, ખાતર અને એકએક કૂંડું આપ્યું અને તેમને કહ્યું કે તમે મારે માટે એક છોડ ઉગાડી લાવો. જેનો છોડ સૌથી સુંદર અને વધુ વિકસિત હશે, તેને હું મોં માગ્યું ઈનામ આપીશ.

ચારે દરબારીઓ પ્રસન્ન થયા. એમને લાગ્યું કે આ તો સાવ આસાન કામ છે. માત્ર ખાતર-પાણી નાખવાનાં છે. વળી, જો બીજમાંથી સરસ મજાનો છોડ ઊગશે, તો ઈનામ મળશે.

સમગ્ર રાજ્યમાં આ વાત ચર્ચાનો વિષય બની. ચાર-પાંચ મહિના બાદ આ દરબારીઓ પોતાનું કૂંડું લઈને દરબારમાં હાજર થયા. બધાનાં કૂંડામાં સુંદર છોડ ઉગ્યો હતો, માત્ર એક કૂંડામાં કશું ઊગ્યું ન હતું. રાજાએ કૂંડાના છોડને જોયા અને દરબારીઓની મહેનતની પ્રશંસા કરી, પરંતુ મોં માગ્યું ઈનામ તો તેને આપ્યું કે જેના કૂંડામાં કોઈ છોડ ઉગ્યો નહોતો.

સહુ આશ્ચર્ય પામ્યા. રાજાએ હસીને કહ્યું, ''મેં આપેલાં બીજ પાણીમાં ઉકાળેલાં હતાં અને એ કોઈ કાળે ઉગી શકે તેવા નહોતાં. બીજા બધાએ તો એ બીજની બાજુમાં બીજાં બીજ નાખીને છોડ ઉગાડી દીધો, પરતું એક વ્યક્તિ ઈમાનદાર નીકળી. રાજ્ય ચલાવવા માટે મારે આવા સાચદિલ પ્રામાણિક માનવીની જ જરૂર હતી. એ રાજ્ય ક્યારેય પ્રગતિ કરી શકે નહીં કે જેના દરબારીઓ માત્ર રાજાની ખુશામત કરવામાં માનતા હોય અને એને ખુશ રાખવા માટે સાચા-ખોટા માર્ગો અપનાવતા હોય. મારે તો પ્રજાની ખુશાલીનો વિચાર કરી શકે તેવા પ્રામાણિક દરબારીની જરૂર હતી, જે મને આજે મળી ગયો.''

**- પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ, સૌ. ધર્મદ્વાર**

# ગાંધીજી અને શ્રીમદ્ રાજચંદ્રજી

**રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી** જેવા મહાન માણસ પણ આધ્યાત્મિક બાબતમાં બીજા બધા કરતાં શ્રીમદ્‌જીથી વધારે આકર્ષાયા હતા. 'મેં બીજે સ્થળે કહ્યું છે કે મારું આંતરિક જીવન ઘડવામાં કવિ (શ્રીમદ્‌જી) સાથે રસ્કિન અને ટૉલ્સટોયનો ફાળો છે, પણ કવિની અસર મારા પર વધુ ઊંડી છે, કારણ કે હું કવિના પ્રત્યક્ષ ગાઢ પરિચય અને સહવાસમાં આવ્યો હતો.' આમ 'મોર્ડન રીવ્યુ', જૂન ૧૯૩૦માં ગાંધીજી શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના આધ્યાત્મિક માર્ગદર્શક તરીકે જાહેરમાં મોખરાનું સ્થાન આપ્યું હતું.

**નિકટનો પરિચય** - શ્રીમદ્‌જી સાથેની પહેલી મુલાકાતે જ ગાંધીજી પર ઊંડી છાપ પાડી. વિ.સં. ૧૯૪૭માં ગાંધીજી વિલાયતથી મુંબઈ પાછા ફર્યા ત્યારની આ વાત છે. તેઓ શ્રીમદ્‌જી કરતા બે વર્ષ નાના હતા અને પહેલી જ મુલાકાતમાં તેમને તેઓ ગમવા લાગ્યા હતા. પછી તો ગાંધીજી મુંબઈમાં બે વરસ રહ્યા તે અરસામાં અવાર-નવાર મુલાકાત થતી જેમાં શ્રીમદ્‌જીની પેઢી પર તેઓ વારંવાર જતા અને અનેક પ્રશ્નો પૂછતા, જેનું સમાધાન શ્રીમદ્ ઉત્તમ રીતે કરતા. ગાંધીજી આવા મેળાપના પ્રસંગોએ તેમની રહેણીકરણીનું બારીકાઈથી અવલોકન કરતા. જેમ જેમ તેમનો સંપર્ક વધતો ગયો તેમ તેમ ગાંધીજીનો શ્રીમદ્ પ્રત્યેનો આદર વધતો ગયો. હીરા-મોતીનો વ્યાપાર કરવાની પોતાની ફરજ બજાવતાં પણ તેમને રાગરહિત દશામાં રહેતા જોઈને ગાંધીજીને ખૂબ જ આશ્ચર્ય થતું. ગાંધીજીએ લખ્યું છે, 'પોતે હજારોનો વેપાર ખેડતા, હીરા-મોતીની પરખ કરતા, વેપારના કોયડા ઉકેલતા પણ એ વસ્તુ તેમનો વિષય નહતો. તેમનો વિષય-તેમનો પુરુષાર્થ તો આત્મઓળખ - હરિદર્શન હતો. પોતાની પેઢી પર બીજી વસ્તુ હોય કે ન હોય, કોઈ ને કોઈ ધર્મપુસ્તક અને રોજનીશી હોય જ. વેપારની વાત પૂરી થઈ કે ધર્મપુસ્તક ઊઘડે અથવા પેલી નોંધપોથી ઊઘડે. જે મનુષ્ય લાખોના સોદાની વાત કરી લઈને તુરંત આત્મજ્ઞાનની ગૂઢ વાતો લખવા બેસી જાય તેની જાત વેપારીની નહીં પણ શુદ્ધ જ્ઞાનીની છે. તેમનો આવી જાતનો અનુભવ મને એક બે વખત નહીં પણ અનેક વખત થયેલો, મેં તેમને, કદી મૂર્છિત સ્થિતિમાં નથી જોયાં.' (સત્યના પ્રયોગો - ભાગ ૨, પ્રકરણ ૨૬, 'રાયચંદભાઈ')

**ગાંધીજી** સાઉથ આફ્રિકા ગયા પછી પણ, ભલે પ્રત્યક્ષરૂપે નહીં, પણ પત્રવ્યવહાર દ્વારા તેમનો સંબંધ શ્રીમદ્‌જી સાથે રહ્યો. મુંબઈમાં પ્રત્યક્ષ સમાગમ અને સાઉથ આફ્રિકાથી પત્રવ્યવહાર દ્વારા શ્રીમદ્‌જી સાથે નિકટના પરિચયે ગાંધીજીના ચારિત્ર્ય ઘડતરમાં મોટો ભાગ ભજવ્યો. ખરેખર તો, તેમનામાં સત્ય અને અહિંસાનો મજબુત પાયો નાંખવાનું અને તેમના આત્મવિકાસનું શ્રેય તેઓ શ્રીમદ્‌જીને જ આપે છે. શ્રીમદ્‌જીના જીવનના અંત સુધી તેમનો આ સુમધુર સંબંધ ટકી રહ્યો હતો.

**આધ્યાત્મિક ભીડમાં આશ્રયસ્થાન**- સાઉથ આફ્રિકામાં, ગાંધીજીને તેમના મુસ્લિમ અને ખ્રિશ્ચિયન મિત્રો તરફથી તેમનો ધર્મ અંગીકાર કરવા માટે સતત દબાણ રહેતું. આવી આધ્યાત્મિક ભીડના પ્રસંગે પત્ર દ્વારા ૨૭ પ્રશ્નો પૂછીને તેમણે પોતાની શંકાઓ રજૂ કરી શ્રીમદ્‌જીની મદદ માંગી શ્રીમદ્ ગાંધીજીને વ્યવસ્થિત, વિશદ, તર્કયુક્ત અને ધર્મનિષ્ઠ જવાબો આપ્યા જેનાથી તેમની હિંદુ ધર્મ માટેની શ્રદ્ધા વધી. હવે ધર્મપરિવર્તન કરવાનો કોઈ પ્રશ્ન જ ન રહ્યો.

**રાષ્ટ્રસેવામાં ફાળો** શ્રીમદ્‌જી માટેના ગાંધીજીનાં સંસ્મરણો એ બતાવી આપે છે કે શ્રીમદ્‌જીના વ્યક્તિત્વની મહાત્માના જીવન પર કેવી ઊંડી છાપ પડી હતી. જીવનના દરેક ક્ષેત્રે સત્ય, કરુણા અને અહિંસા ઉપર શ્રીમદ્‌જીએ જે ભાર આપ્યો હતો તે ગાંધીવાદી વિચારોના મૂળભૂત સિદ્ધાંતો બન્યા, જેણે સ્વરાજ્યપ્રાપ્તિની ચળવળમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. સ્વતંત્રતાની પ્રાપ્તિ માટેના સાધન તરીકે ગાંધીજીની અહિંસક લડાઈ ભારતના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. જગતના ઈતિહાસમાં પણ એમનું આ કાર્ય અમર રહેશે. અહિંસાના દૂત તરીકે પૂરી દુનિયામાં પ્રશંસા પામેલા ગાંધીજી શ્રીમદ્‌જીના ઉપદેશના સદા ૠણી રહેશે. ભારતના નવનિર્માણમાં શ્રીમદ્‌જીના ધર્મોપદેશે મુખ્ય ભાગ ભજવ્યો છે એમ કહેવું જરા પણ અતિશયોક્તિભર્યુ નથી.

**શ્રીમદ્‌જી** અને મહાત્મા ગાંધીનો અંતરંગ સંબંધ એ માત્ર તેમના બન્નેનાં જીવનનું જ નહીં, માત્ર ગુજરાતનું જ નહીં, પરંતુ ભારતના સાંસ્કારિક, રાજકીય અને આધ્યાત્મિક ઈતિહાસનું એક ઉજ્જવલ પ્રકરણ છે.

**- સૌજન્ય-મુમુક્ષુઓ**

**ૠણ સ્વીકાર :**
**આ સામાયિકમાં જે લેખકોની, કવિઓની અથવા અન્ય સામાયિકોમાંથી જે વાંચન સામગ્રી છાપી છે તે માટે અમે એ સર્વના ૠણી છીએ. - તંત્રી**

## માન અપમાનનું રિમોટ કંટ્રોલ રેઢું મૂક્યું છે ?

ઓશો રજનીશજીના પુસ્તકમાં બુદ્ધનો પ્રસંગ વાંચ્યો. બુદ્ધના પ્રવચનોથી જેમની ધાર્મિક રૂઢિઓ અને કર્મકાંડોની દુકાનો હચમચી ગઈ હતી એવા કેટલાક ધર્મના ઠેકેદારો બુદ્ધ પર ક્રોધિત થઈ એમને રસ્તામાં ઘેરી લે છે અને બેફામ ગાળો આપે છે. અપમાનના અસંખ્ય વચનો પછી બુદ્ધ કહે છે કે તમારી વાતો પૂરી થઈ હોય તો મારે બીજે પહોંચવું છે. પેલા લોકો કહે છે કે અમે વાતો નથી કરતા, અપમાન કરીએ છીએ, અપશબ્દો કહીએ છીએ, તમને ગુસ્સો નથી આવતો ? ભગવાન એ જ શાંતિ સાથે કહે છે કે તમે ગાળો આપી પણ હું એ સ્વીકારવાનો ઈનકાર કરું છું. આ આદાનપ્રદાનમાં તમે એકલા છો. કેટલાંક લોકો ફળ અને મીઠાઈ લાવ્યા ત્યારે મેં કહ્યું કે મારુ પેટ ભરાયેલું છે, હું નહીં લઉં અને એ લોકોએ મીઠાઈ બાળકોને વહેંચી દીધી. પણ અફસોસ તમે તો એવું પણ નહીં કરી શકો. તમારા અપમાનિત શબ્દો લેવાની હું ના પાડું છું, હું મારો માલિક છું.

પ્રાયઃ આપણા માન કે અપમાન સામેવાળા પર અવલંબિત રહે છે. આપણી અપેક્ષાઓ પ્રમાણેનું માન ન મળે એ પણ અપમાન જ ગણાય છે. માન-મરતબો જળવાઈ રહે એ માટે અવનવા કરતબો કરાતા રહે છે. ઈમાન ભલે ઉતરડાઈ જાય, માન જળવાવું જોઈએ. ઘણીવાર તો માનને ધબકતું રાખવા મનને વેન્ટીલેટર પર મૂકી દેવાય છે ! અને આ માન પણ માનવના મહેમાન જેવું જ હોય. એને વાકું પડતા વાર પણ ક્યાં લાગે છે. જરાક માનભંગ થયો, જરાક અપમાન જેવું જણાયું એટલે જાણે સર્વસ્વ હણાયું.

ટીવીનું રીમોટ કંટ્રોલ નાના બાળકના હાથમાં આવે તો એને ખબર નથી જ હોતી કે આમાં બે પ્રકારના બટન હોય છે. રીમોટ એના હાથમાં ગયા પછી બાળક આપણી ઈચ્છા મુજબનું વર્તન કરે એ અપેક્ષા વધુ પડતી જ છે. માન-અપમાનનું રીમોટ પણ સામેવાળા (જેની બુદ્ધિ અને વૃત્તિ બંને બાલિશ જ હોવાની!) પાસે ગયા પછી એ સતત માનનું બટન વધાર્યા કરે અને અપમાનનું બટન સાવ મ્યુટ કરી નાખે એ વાતનો ગર્ભપાત જ થવાનો! કવિવર કૃષ્ણલાલ શ્રીધરાણીની આ કવિતા માન-મસ્ત અને અપમાનગ્રસ્ત લોકોએ વિચારવા જેવી છે.

**માન તમારે હાથ ન સોંપ્યું, કેમ કરી અપમાનશો ?**
**વજ્ર સમું અણભેદ હૃદય આ, શર સૌ પાછાં પામશો**
**હિમાદ્રી અમલિન સુહાસે ઊભો આભ અઢેલતો**
**આત્મા મુજ તમ અપમાનોને હાસ્ય કરી અવહેલતો**
**રેતી કેરાં રણ ઉપર ના બાંધ્યા મહેલ સ્વમાનના**
**શ્રદ્ધાના અણડગ ખડકો પર પાયા રોપ્યા પ્રાણના.**

ચૂંટણીમાં એક નિયંત્રણ એકમ હોય છે જે પ્રમુખ અધિકારી પોતાની પાસે જ રાખે છે. આપણા માનનું નિયંત્રણ એકમ (રિમોટ) સામેવાળાને આપીએ તો એ અપમાન કરે ને! વાતેવાતે માન રૂપે આઈએસઓ પ્રમાણપત્ર ઝંખનારા લોકોનું માન લગભગ અભિમાનમાં ખપી જતું હોય છે. સ્વમાનના પાયા સરકતી રેતી પર નહીં, સ્વયંની શ્રદ્ધા પર અડગ રહી શકે છે. મારે તમારુ માન નથી જોઈતું- આ ખુમારી જ મને તમારા અપમાનની લાચારીમાંથી બચાવી શકશે. મારુ માન તમારી મહોર વિના પણ મહોરી શકશે. ઈતિહાસ સાક્ષી છે, ફરમાન કાઢવાથી માન નથી મળતાં, માનનો નાડસબંધ કાયમ ઈમાન સાથે જ રહ્યો છે !

**- પ્રણવ પંડ્યા, ''જ. પ્રવાસી''**

## ભારતમાં ગાય પૂજનીય શા માટે ?

ચોપગા ઉપયોગી જાનવરો તો ઘણાં હોવા છતાં વિશ્વભરમાં એક માત્ર હિન્દુ પ્રજામાં ગાય આટલી પૂજનીય શા માટે ગણાય છે તેનો ઐતિહાસિક સંદર્ભમાં તાત્વિક વિચાર થવો ઘટે છે. ભારતમાં હજારો વર્ષથી ગાયને માતા માનવામાં આવે છે. ગાયના દર્શન માત્ર શુભ ગણાય છે. ગાયમાં તેંત્રીશ કોટિ દેવતાઓનો વાસ છે. તેથી તેની પૂજા એ દેવોની પૂજા ગણાય છે. એટલું જ નહિ પરંતુ છેક ઋગ્વેદથી માંડીને પુરાણો સુધીમાં સર્વત્ર ગાયનું મહિમા ગાન થયું છે. ગાય સાથે જોડાયેલી અનેક કથાઓ મહાભારત ભાગવત સુધીના લગભગ સર્વ ધર્મ ગ્રંથોમાં ભરી પડી છે અને ગાયને ઈચ્છા મુજબનું ફળ આપનારી કામધેનું ગણવામાં આવી છે તેની પાછળ એક તથ્ય પૂર્ણ રોમાંચક ઈતિહાસ પડ્યો છે તેને અંધશ્રદ્ધામાં તણાયા વિના પ્રજ્ઞાપૂર્વક તપાસવાની જરૂર છે.

ખેતીની શોધ થયા પહેલા મનુષ્યની સર્વ જાતિઓમાં કેવળ માંસાહાર પ્રવર્તતો હતો. ભારતમાં સન્યાસ લઈ તપોવનમાં વસતા ઋષિમુનિઓએ ગહન ચિંતન દ્વારા એ શોધી કાઢ્યું કે માંસાહાર તે હિંસા છે. હિંસાની આટલી વિસ્તૃત વ્યાખ્યા પણ કેવળ ભારતમાં જ થઈ છે જે સમય જતાં બુદ્ધ મહાવીર જેવા પ્રજ્ઞાવાન પુરુષોના ઉદ્‌ભવનું કારણ બની.

એક માત્ર ભારતમાંજ હિંસાના તાત્વિક ચિંતનના કારણે સૌ પ્રથમ માંસાહારનો વિકલ્પ્‌ વિચારાયો. પરિણામે વનમાં વસતો સન્યાસી અને સાધક વર્ગ વૃક્ષપર

થતા ફળોના આહાર તરફ સૌ પ્રથમ વળ્યો. આ બધા ચિંતક અને જ્ઞાની પુરુષોને પશુ પંખીનું માંસ એટલું અપ્રિય થઈ પડ્યું કે તેઓ પાકેલાં ફળના આહાર તરફ વળ્યા. ઉપનિષદ કાળમાં તો પાકીને નીચે પડેલાં અને પશુ પંખીએ એંઠા નહીં કરેલાં ફળો એકઠા કરી આહારના ઉપયોગમાં લેવાની પરંપરા પ્રત્યેક તપોવનમાં, પ્રવર્તતી હતી. ઝાડપર ચડીને કે પથ્થર ફેંકીને ફળ તોડવાની છૂટ ન હતી. આમ ફરાળ-ફળાહારની ભોજન શૈલી ભારતમાં ઉદ્‌ભવી અને આજ સુધી વિકસતી રહી છે. જે બીજે ક્યાંય જોવા મળતી નથી.

આ અરસામાં કોઈકે આકસ્મિકપણે એ શોધી કાઢ્યું કે ગાયનું દૂધ પૌષ્ટિક આહાર છે અને કેવળ ગાયના દૂધ ઉપર પણ જીવનને ટકાવી શકાય. જોતજોતામાં ભારતીય પ્રજાના જીવનમાં ગાય મહત્ત્વની બની ગઈ. વિકસતી જતી વૈદ્ય વિદ્યાએ પણ પ્રતિપાદિત્ કર્યું કે ગાયનું દૂધ - જીવન ઉપયોગી છે. પરિણામે ખેતીની શોધ થતાં પહેલાં જ ગાય ભારતીય જનસમનાજનું મહત્ત્વનું અંગ બની ગઈ. જેની પાસે ગાયો વધુ તે ધેનુવાન એટલે કે ધનવાન કહેવાવા લાગ્યો. ઘેર ઘેર ગાયો બંધાવા લાગી. ગાય આંગણે બાંધી હોય અને બાજુમાં બાંધેલું વાછરડું કૂદાકૂદ કરતું હોય એ દૃશ્ય ભારતમાં સામાન્ય બની ગયું. ઉપયોગિતાના કારણે જ ગાય જનસમાજની માતા બની ગઈ. ગાય ધન સંપત્તિ અને સુખશાંતિનું સાધન હતી દાનમાં પણ ગાય અપાતી. ગોદાન સૌથી શ્રેષ્ઠ મનાતું. ગાયને પોતાના પરિવારના આત્મીય સભ્ય તરીકે ભારતમાં ઉછેરવામાં આવી છે. ગાય અત્યંત ઉપયોગી હોવાના કારણે તેને દિવ્ય સ્વરૂપ આપવામાં આવ્યું છે. તેમાં દેવતાઓનો વાસ છે એમ એટલા માટે કહેવાયું કે જેથી તેનો કોઈ વધ કરે નહિ. તેના માંસનો પણ નિષેધ કરવામાં આવ્યો. જેમ અગ્નિની ઉપયોગિતાના કારણે વેદોમાં અગ્નિનું મહિમા ગાન મળે છે તેજ રીતે ગૌમાતાને અનુલક્ષીને ઉદભવેલા અનેક મંત્રો ચારેય વેદોમાં મળે છે.

ગાયની પ્રત્યેક વસ્તુ ઉપયોગી હોવાથી તે માતા બની ગઈ. ગાયનું દર્શન માત્ર શુભ અને ફલદાયી બની ગયું.

એ યાદ રાખવું જરૂરી છે કે જ્યારે ગાય જીવનનો આધાર બની ત્યાં સુધી બીજા દૂધાળા જાનવરો ભેંસ, બકરી, ઊંટ આદિ તરફ લોકોનું જ્ઞાન હજુ વિસ્તર્યું ન હતું. આમ અહિંસાના તત્ત્વ પર તલસ્પર્શી ચિંતન કરનારા તપોવનમાં વસતા આર્ય ઋષિઓએ માંસાહાર તજી દેવા લોકોને પ્રોત્સાહિત કર્યા અને ફળ તથા ગાયના દૂધના શાકાહારી ભોજન તરફ વાળ્યા.

ગાયને માતા તરીકેની પ્રતિષ્ઠા ભારતમાં ખેતીની શોધ પહેલા મળી ગયેલી. પછી જ્યારે ખેતી શોધાઈ અને વાવીને ઊગાડેલું ધાન્ય પ્રમુખ આહાર બન્યું ત્યારે ભારતના ખેડૂતોએ ગાયના વાછરડાને ઉછેરી બળદ બનાવી હળ તથા ગાડા સાથે જોડ્યો. આ માત્ર ભારતમાં જ બન્યું છે. તેથી વાછરડીની જેમ નર વાછરડાની ઉપયોગિતા પણ વધી ગઈ.

બળદને ધોંસરું બાંધીને ગાડા તથા હળે લાંબા સમય સુધી જોડવાના કારણે પીઠ ઉપર ખૂંધ નીકળી છે. આ ખૂંધ માત્ર ભારતના ગોવંશમાં જ જોવા મળે છે. બીજા બધા દેશોમાં ગાય બળદની પીઠ સપાટ જોવા મળે છે સાધારણ રીતે ઘાસ-ચારાપર નભતા જાનવરોના બંને શીંગડા બહાર સામી બાજુએ ઊગેલા છે તેથી પોતાની સુરક્ષા તે કરી શકે પરંતુ ભારતમાં દૂધાળા જાનવરોને પરિવારના સભ્યની જેમ પાળવામાં આવ્યા પરિણામે તેઓ સુરક્ષા અનુભવતા તેમને શીંગડા કોઈને ભરાવવાની જરૂર ના રહી તેથી ભારતમાં પાળતુ ઢોરના શીંગડા અંદરની બાજુએ વળી ગયેલા જોવા મળે છે.

ટૂંકમાં કહીએ તો બીજા દેશોની પ્રજાઓએ ખેતીની શોધ થયા બાદ પણ માંસાહાર ચાલુ રાખ્યો છે. જ્યારે ભારતીય પ્રજાએ માંસાહારનો ત્યાગ ઘણો વ્હેલો કર્યો ખેતીની શોધ પહેલા ગાયના દૂધ અને વનપક ફળો પર લાંબા સમય સુધી નિર્ભર રહીને એક નવો જ અભિગમ અપનાવ્યો જેના કારણે કેવળ ભારતમાં અને માત્ર ભારતમાં જ ગાય આટલી પૂજનીય બની ગઈ.

**- હરકિસન જોષી, જામનગર**

## સચ ઔર ઝૂઠ

એક બાર સચ ઔર ઝૂઠ નદી મેં સ્નાન કરને પહુંચે દોનો ને અપને અપને કપડે ઉતાર કર નદી કે તટ પર રખ દિએ ઔર ઝટ-પટ નદી મેં કૂદ પડે. સબસે પહલે ઝૂઠ નહાકર નદી સે બાહર આયા ઔર સચ કે કપડે પહનકર ચલા ગયા. સચ અભી ભી નહા રહા થા. જબ વહ સ્નાન કર બાહર નિકલા તો ઉસકે કપડે ગાયબ થે. વહાં તો ઝૂઠ કે કપડે પડે થે. ભલા સચ ઉસકે કપડે કૈસે પહનતા ? કહતે હૈ તબ સે સચ નંગા હૈ ઔર ઝૂઠ સચ કે કપડે પહનકર સચ કે રૂપ મેં પ્રતિષ્ઠિત હૈ.

**- ઓશો**

## પૌત્રને લાડ લડાવવાનો શોખ સમાજસેવા બન્યો !

ગુજરાતના એક મુખ્ય શહેરમાં રહેતું એક શિક્ષક દંપતિ. એમણે આપબળે શહેરમાં પોતાની એક શાળા શરુ કરી. જોતજોતામાં એમની શાળા શહેરની સૌથી પ્રતીષ્ઠીત શાળા તરીકે ઓળખાવા માંડી. એમનો પોતાનો એકનો એક દીકરો વિકાસ પણ સ્વાભાવિક રીતે જ એમની શાળામાં ભણતો હતો.

ખુદ સંચાલકનો દીકરો હોવા છતાં વિકાસે અન્ય વિદ્યાર્થીઓની જેમ કડક શિસ્તનું પાલન કરવું પડતું. એટલું જ નહીં, શિક્ષકોને પણ આદેશ હતો કે એને સંચાલકના દીકરા તરીકે નહીં; પરંતુ એક સામાન્ય વિદ્યાર્થી તરીકે જ જોવો. અલબત્ત, વિકાસ અભ્યાસમાં ઘણો ઉજ્જવળ હતો જ. આવા શૈક્ષણીક વાતાવરણ ધરાવતા ઘર-શાળામાં ઉછરીને મોટા થયેલા વિકાસને શૈક્ષણિક ક્ષેત્રે કારકીર્દી ઘડવામાં કોઈ જ રસ નહોતો. સ્વતંત્ર વિચારસરણીને આકારતાં માતા-પીતાએ એના પસંદગીના ક્ષેત્રમાં જવા વિકાસને છુટ આપી. એણે કોમ્પ્યુટર સાયન્સમાં ઉચ્ચ અભ્યાસ કર્યો.

પોતાના જ શહેરમાં એક વિદેશી કંપનીની ભારતીય શાખામાં વિકાસ જોડાયો આ જ કંપનીમાં અન્ય જ્ઞાતીની એક સહકર્મચારીણી યુવતી વલ્લભી સાથે એનો પરીચય થયો અને એ બેની જાણ બહાર એમનો પરીચય મૈત્રી અને ત્યારબાદ પરીણયમાં પરીણમ્યો. વિકાસની સાથે ઘરે આવતી-જતી વલ્લભી સંસ્કારી અને શિક્ષિત તો હતી જ; સાથે ગુણીયલ પણ હતી.

રંગેચંગે વિકાસ અને વલ્લભીનાં લગ્ન લેવાયાં. વિકાસના માતાપીતાને થતું કે પોતાના પૌત્ર કે પૌત્રીને એ દાદા-દાદી તરીકે લાડ કરે; પણ વિકાસ અને વલ્લભીનાં સ્વપ્નાં જુદાં જ હતાં. પોતે જે કંપનીમાં જોબ કરતાં હતાં એજ કંપનીમાં એમણે અમેરીકા ટ્રાન્સફર માગી તેઓ ઈચ્છતાં હતાં કે તેમનું સંતાન અમેરીકા જેવા સમૃદ્ધ અને વિકસીત દેશમાં જન્મે અને ઉછરે. એક દીવસ બન્ને જણાં માતા-પીતાએ કમને આપેલા આશીર્વાદ લઈ અમેરીકા ઉડી ગયાં.

પણ વિધાતાએ કંઈ બીજું જ નિર્માણ કર્યું હતું. બન્યું એમ કે પોતાને બંગલે કામ કરતી અને પાછળના ભાગે સર્વન્ટ ક્વાર્ટરમાં રહેતી કામવાળી બાઈની પુત્રવધુએ દીકરાને જન્મ આપ્યો બસ, તે દીવસથી વિકાસનાં માતા-પીતાને જાણે કે પોતાનું સ્વપ્ન સાકાર કરવાની તક સાંપડી. આમ પણ કુટુંબના સભ્ય જેવા થઈ ગયેલાં કામવાળી બાઈનાં કુટુંબીજનો પણ એજ બંગલામાં માળીકામ અને ચોકીદારીનું કામ પણ કરતાં. એમનું બાળક-જીગર જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ એ પણ આ દંપતીનો હેવાયો થતો ગયો. દંપતીએ પોતાના પૌત્રને માટે જે જે સ્વપ્નો જોયા હતા તે જીગર વાટે સાકાર કરવા માંડ્યાં. વિકાસને ત્યાં અમેરીકામાં જન્મેલા સગા પૌત્રને એમણે માત્ર મોબાઈલના કે લેપટોપના સ્ક્રીન પર જ વીડીયો ચેટીંગ દરમીયાન જોયો. આ દંપતિએ કામવાળી બાઈના પૌત્ર જીગરને લાડ લડાવીને પોતાની ઈચ્છા પુરી કરી.

જીગરનાં દવા-દારુથી માંડી એનાં રમકડાં અને પછીથી એના શિક્ષણ અંગેની તમામ વ્યવસ્થા અને ખર્ચ આ દંપતિ કરી રહ્યું. એટલે સુધી કે પોતાની શાળામાં જ એને પ્રવેશ આપી આ દંપતિ રોજ પોતે જ્યારે શાળાએ કાર લઈને જાય ત્યારે જીગરને પણ પોતાની સાથે કારમાં લઈ જાય અને સાંજે કારમાં પોતાની સાથે પાછો લાવે એવો રીતસર રીવાજ જ પડી ગયો.

પોતાના સગા પૌત્રને જે લાડકોડથી ઉછેરતાં એટલા જ લાડકોડથી ઉછરી રહેલો જીગર આજે અંગ્રેજી માધ્યમના આઠમા ધોરણમાં ભણે છે અને એના અભ્યાસ માટે બંગલામાં એક અલાયદો કમરો ફાળવવામાં આવ્યો છે. શિક્ષક દંપતીનો સગો પૌત્ર અખીલ જ્યારે પણ થોડો સમય માટે અમેરીકાથી આવે છે ત્યારે પણ જીગરને અપાતા મહત્ત્વમાં કોઈ જ ફેર પડતો નથી. ઉલટાનું જીગર અને વિકાસના પુત્ર અખીલ વચ્ચે પણ સારી મૈત્રી છે અને તેઓ પણ નિયમીત વિડીયો ચેટીંગ કરતા હોય છે.

બંગલાના ગાર્ડનમાં હીંચકે ઝુલતાં ઝુલતાં જ્યારે અખીલ અને જીગર કડકડાટ અંગ્રેજીમાં એકબીજા સાથે સંવાદ કરતા હોય છે ત્યારે બાજુમાં જ બાગકામ કરી રહેલા જીગરના પિતા અને દાદીમાના ચહેરા પર લીંપાઈ જતા આશ્ચર્યના ભાવ અને આંખોમાં ઝળુંબતો સંતોષ જાણે એ શિક્ષક દંપતીનો મનોમન આભાર માને છે કે જેમણે એ ગરીબ કુટુંબની આગલી પેઢીને કોઈપણ જાતના અંગત સ્વાર્થ વગર ઉજ્જવળ ભવિષ્યના ઉંબરે લાવીને ઉભી કરી દીધી છે.

પુત્ર અને પછી પૌત્રના વિરહને એક દંપતીએ ચુપચાપ સામાજીક ઉત્કર્ષના કૃત્યમાં પલટાવી દીધું.

**- લેખક : અનીલ દેવપુરકર**

**પ્રેક્ષક : ઉત્તમ ગજ્જર સૌ.વિવેકપંથી**

**ગાવો વિશ્વસ્ય માતર:**

## શાંત મન

એક વાર એક અમીર માણસની ઘડીયાળ ઘાસથી ભરેલા વાડામાં ખોવાઈ ગઈ.

એ બહુ કિંમતી ઘડીયાળ હતી, એટલે તે માણસે તેની ઘણી શોધ કરી... પણ તે ઘડીયાળ ન મળી! તેના ઘરની બહાર થોડા છોકરાઓ રમી રહ્યા હતા... અને તેને બીજા એક કામ માટે બહાર જવાનું હતું... તેથી તે માણસે વિચાર કર્યો કે- આ છોકરાઓને ઘડીયાળ શોધવાનું કહું... તેણે છોકરાઓને કહ્યું કે - જે પણ છોકરો ઘડીયાળ શોધી દેશે તેને તે સરસ મજાનું ઈનામ દેશે.

આ સાંભળીને- છોકરાઓ ઈનામની લાલચમાં વાડાની અંદર દોડી ગયા... અને, અહીં-તહીં ઘડીયાળ શોધવા લાગ્યા... પરંતુ, કોઈ પણ છોકરાને ઘડીયાળ મળી નહી! ત્યારે, એક છોકરાએ તે અમીર માણસની પાસે આવીને કહ્યું - તે ઘડીયાળ શોધીને લાવી શકે તેમ છે... પણ બધા છોકરાઓને વાડાની બહાર જવું પડશે! અમીર માણસે તેની વાત માની લીધી. તે અમીર માણસ અને બાકીના છોકરાઓ બહાર ચાલ્યા ગયા... થોડી વાર બાદ - તે છોકરો બહાર આવ્યો અને તેના હાથમાં તે કિંમતી ઘડીયાળ હતી. અમીર માણસ પોતાની ઘડીયાળ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયો! તેણે છોકરાથી પૂછ્યું - ''તેં ઘડીયાળ કેવી રીતે શોધી!? જ્યારે બાકી છોકરાઓ અને હું પોતે પણ આ કામમાં નાકામ રહ્યા હતા!??''

છોકરાએ જવાબ આપ્યો - ''મેં કાંઈ કર્યું નથી... બસ 'શાંત' મનથી જમીન પર બેસી ગયો... અને, ઘડીયાળનો 'અવાજ' સાંભળવાની કોશીશ કરવા લાગ્યો... કેમ કે- 'વાડા' માં શાંતિ હતી... એટલે - મેં તેનો અવાજ સાંભળી લીધો... અને, તે દિશામાં જોયું!''

**સારાંશ-**

એક 'શાંત' મગજ 'સારો' વિચાર કરી શકે છે, એક 'થાકેલા' મગજની તુલનામાં! માટે - દિવસમાં થોડા સમયના માટે... આંખો બંધ કરીને, શાંતિથી બેસજો! પોતાના મસ્તકને શાંત થવા દેજો... પછી, જૂઓ! તે આપની જિંદગી કેવી રીતથી 'વ્યવસ્થિત' કરી દે છે!! કેમકે - દરેક આત્મા - હંમેશા પોતાની જાતને ઠીક કરવાનું જાણે છે... બસ, મનને શાંત કરવુ જ 'પડકાર' છે. આ પડકાર - થોડું અઘરું જરૂર છે... પણ, 'અસંભવ' જરાય નહી!!

**- (ઈન્ટરનેટ પરથી) પ્રે: શાંતિલાલ ગડા**

## શ્રમજીવીઓનાં હિતમાં ક્રાંતિકારી અર્થનીતિ...

હું એક વાર મોટરમાં બેસી એક ગામ જવા નીકળ્યો. પણ અંદર એક પાઈપ તુટી ગયો એટલે મોટર અટકી પડી. તપાસ કરતાં ખબર પડી કે ગામમાં એક લુહાર છે. એની પાસે સમારકામ કરાવ્યું. પછી પુછ્યું કે, 'કેટલા પૈસા આપું?' લુહારે એક રુપીયો માંગ્યો. મેં એના હાથમાં એકને બદલે બે રુપીયા મુક્યા. એ ગળગળો થઈ ગયો. એની આંખમાં પાણી આવી ગયાં! મેં પુછ્યું, 'શું થયું? કેમ રડે છે?' 'સવારથી બોણી નહોતી થઈ.'

'સવારે સૌ પહેલાં ગામનો શાહુકાર આવ્યો. ક્યારેક-ક્યારેક જરુર પડે ત્યારે વ્યાજે પૈસા ધીરે છે.એટલે કામ કરાવી ગયો, પણ પૈસા ન આપ્યા! પછી આવ્યો ગામનો મુખી. અમારે તો ગામનો એ જ રાજા. એણે પણ હળ ઠીક કરાવ્યું, પણ પૈસા ન આપ્યા. છેલ્લે આવ્યો પોલીસ. એની બંદુક પરની સંગીનની ધાર કાઢી આપી. એણે પણ પૈસા ન આપ્યા.' 'ન આપ્યા કે તેં ન માગ્યા?'

'માગ્યા, જરા ઝઘડો પણ કર્યો, છેલ્લે હાથ જોડી કરગર્યો, પણ એ તો ઉલટો મને જ ધમકાવવા મંડ્યો. કહે, ખબરદાર! વધારે જબાન ચલાવી છે તો આ સંગીનથી તારી ગરદન જ ઉતારી લઈશ.'

આજે સમાજમાં આ સ્થિતિ છે. તિજોરી, તખ્ત, તલવારની બોલબાલા છે. ત્રણેય બનાવે છે શ્રમજીવી કારીગર. એ જ એવો ઘડવૈયો છે, એ જ વિશ્વકર્મા છે. કિસાન છે, કારીગર છે, મજુર છે. એ સહુના પરીશ્રમ અને પરસેવાથી દુનિયા આખી નભે છે. છતાં એ શ્રમીકોની કોઈ પ્રતિષ્ઠા નથી. પ્રતિષ્ઠા છે જેમના હાથમાં તિજોરી છે. તખ્ત છે, તલવાર છે એમની. હવે સંકલ્પ કરવો પડશે કે એમની પ્રતિષ્ઠા ખતમ કરી, પોતાના શ્રમથી દુનિયાનું નિર્માણ કરનારાઓની અને એને નભાવનારાઓની પ્રતિષ્ઠા સમાજમાં કાયમ કરવી.

સમાજવાદનોયે એક આધારભુત સિદ્ધાંત એ માનવામાં આવ્યો છે કે From each according to his capacity and to each according to his need, આપણે એવો સમાજ લાવવો છે જેમાં દરેક દરેક માણસ પોતાની ક્ષમતા મુજબ સમાજને આપે અને જરૂરિયાત મુજબ સમાજ પાસેથી મેળવે. ક્ષમતા અનુસાર દેવું અને આવશ્યકતા અનુસાર લેવું. એટલે કે હું પરીશ્રમ તો એટલો કરીશ જેટલી મારામાં શક્તિ છે; અને તે પરીશ્રમનું પ્રતિમુલ્ય (બદલો) એટલું જ લઈશ, જેટલી મારી જરુરિયાત છે. જેટલું ગજું તેટલું કામ, જેટલી જરુર તેટલું દામ. આ એક ક્રાંતિકારી અર્થનીતિ છે.

**- દાદા ધર્માધીકારી, સૌ. નયા માર્ગ**

## રાજનીતિમાં, છતાં ઋષિજીવન

દેશભરમાં 'અંગ્રેજો ભારત છોડો' અને 'કરેંગે યા મરેંગે'ના નારા ગાજી રહ્યા હતા. લોકો કોઈપણ સંજોગમાં ભારતને અંગ્રેજોની બેડીઓમાંથી મુક્ત કરવા મક્કમ બન્યા હતો. આવા વાતાવરણમાં એક યુવાનના મનમાં ગડમથલ ચાલી રહી હતીઃ નોકરી કરી એશોઆરામ ભરી જિંદગી જીવવી કે ભારતમાતાની સર્વાંગિણ ઉન્નતિ કાજે પોતાનું જીવન મા ભોમના ચરણે સમર્પિત કરી દેવું? એની પાસે તેજસ્વી કારકિર્દી બનાવી શકે એવા પ્રમાણપત્રો હતાં. એ યુવાન પાંચ વર્ષનો હતો ત્યારે જ માતાપિતાનું મૃત્યુ થયું હતું. મામાના ઘરે રહીને ભણ્યો હતો. એસએસસીથી માંડીને એમએ સુધીની બધી જ પરીક્ષામાં પ્રથમ સ્થાને આવેલો. એ જમાનામાં આવી ઊંચી ડિગ્રીવાળાને ઉચ્ચ પદની સરકારી નોકરી તરત જ મળી જતી.

મામાની ઈચ્છા હતી પોતાનો ભાણો ઊંચા પગારવાળી નોકરી કરે, પોતાનું ઘર વસાવે. મામા વારંવાર નોકરી માટે લખીમપુર, જ્યાં એમનો ભાણેજ અભ્યાસ કરતો હતો ત્યાંના સરનામે પત્રો લખતા. ભાણેજને પણ પોતાના મામા પ્રત્યે ખૂબ જ આદર હતો. ખૂબ મનોમંથનના અંતે યુવાને પોતાના મામાને એક લાંબો પત્ર લખ્યો, જેમાં એણે પોતાના જીવનની દિશા અને જીવનદર્શન રજુ કર્યું -

પૂજ્ય મામા,

આપે પત્રમાં જે કંઈ લખ્યું છે, તે સાચું જ લખ્યું છે. મારે નોકરી કરવી જોઈએ, કમાવું જોઈએ. પણ હું શું જવાબ આપું, એ મને સમજાતું નથી. મારા હૃદયમાં કર્તવ્ય ભાવનાનું એક યુદ્ધ ચાલી રહ્યું છે. એક બાજુ સંસારનો મોહ ને આપ પ્રત્યેનો પ્રેમ મને ખેંચી રહ્યો છે, જ્યારે બીજી તરફ આપણા પ્રાચીન ઋષિ, મૂનિઓનો પોકાર સંભળાઈ રહ્યો છે. પૂજ્ય મામા, આપના લખ્યા પ્રમાણે મારો પણ એ જ વિચાર હતો કે હું કોઈ સ્કૂલમાં નોકરી લઈ લઉં અને તેની સાથે સંઘનું કાર્ય પણ કરતો રહું. આ વિચાર લઈને જ હું લખનૌમાં આવ્યો હતો પરંતુ લખનૌમાં આજની પરિસ્થિતિ જોતાં મને લાગ્યું કે મારે આખા જિલ્લામાં ફરવાનું થશે, ને એક સ્થળે રહેવાનું ન બને જેથી નોકરી સાથે સંઘનું કાર્ય શક્ય નથી. હું માનું છું કે આનાથી આપને જરૂર દુઃખ થયું હશે, પરંતુ મામા! આપ આપના એક દીકરાને સમાજ માટે નહીં આપી શકો?... સંઘની ઉપયોગિતા આપ જાણશો તો આપને માન ઊભું થશે અને આપનો એક પુત્ર આ કાર્યમાં પોતાનું જીવન સમર્પિત કરી રહ્યો છે, એનાથી જરૂર આનંદ થશે. મામા! મારા ઉપર તમે વિશ્વાસ રાખજો કે હું એવું એક પણ કાર્ય નહીં કરું જેના લીધે આપના ઉપર કોઈ આંગળી ચીંધે. આપને જરૂર ગર્વ થશે કે આપે પોતાના પુત્રને સમાજ અને રાષ્ટ્ર માટે અર્પણ કર્યા છે. ઘણા લોકોએ પોતાના એકના એક પુત્રને રાષ્ટ્ર માટે સમર્પિત કરી દીધા છે. આપની પાસે તો ત્રણ પુત્રો છે. હું માનું છું કે આપ મને ના નહીં જ પાડો.

આપનો ભાણેજ દીના

પત્ર લખી લીધા પછી યુવાનનું જીવનલક્ષ્ય હતું. મારે નોકરી કરવી નથી. લગ્ન કરવા નથી. સાંસારિક મોહમાયામાં અટવાયા વગર માત્ર આ સમાજ અને રાષ્ટ્રની સેવા કરવી છે. આરએસએસના પ્રચારક તરીકે પોતાનો જીવન માર્ગ નક્કી કરી લીધો. એ યુવાનની સાથે વસંત અણ્ણા વૈદ્ય નામનો કાર્યકર રહેતો હતો. પત્ર ટપાલમાં રવાના કરી દીધો પછી યુવાને પોતાનો બિસ્તરો ખોલીને તેમાંથી કાગળોનું એક બંડલ કાઢ્યું, અને વસંતરાવ વૈદ્યને આપતા કહ્યું, 'વસંતરાવ, આ બંડલને દીવાસળી ચાંપી દો...' વસંતરાવે બંડલ ખોલીને જોયું તો એમાં યુવાનની અત્યારે સુધીના અભ્યાસનાં પ્રમાણપત્રો હતાં.

વસંતરાવને આશ્ચર્ય થયું, 'અરે! આ તો પ્રમાણપત્રો છે.' યુવાને ખૂબ નિશ્ચિતતાથી કહ્યું, 'હા, હા હું જાણું છું... જલદી કરો વસંતરાવ, એને સળગાવી દો.' વસંતરાવની બધી જ સમજાવટ વ્યર્થ ગઈ. પ્રમાણપત્રો સળગાવી દેવાયા.

આ યુવાન હતો - ભારતીય રાજનીતિમાં રહીને ઋષિ સ્થાન પામેલા પંડીત દીનદયાળ ઉપાધ્યાય.

**- કિશોર મકવાણા, સૌ. દિવ્ય ભાસ્કર**

## અકેલાપન એવમ્ એકાન્ત!

અકેલાપન ઈસ સંસારકી સબસે બડી સજા હૈ ઔર એકાંત ઈસ સંસારમે સબસે બડા વરદાન હૈ. યે દો સમાન અર્થી દિખનેવાલે શબ્દોંકે અર્થમેં આકાશ પાતાલકા અંતર હૈં. અકેલેપનમેં છટપટાહટ હૈં તો એકાંતમેં આરામ હૈં. અકેલેપનમેં ઘબરાહટ હૈ, તો એકાંતમેં શાંતિ. જબતક હમારી નજર બાહરકી ઔર હૈં, તબ તક હમ અકેલાપન મહસૂસ કરતે હૈં, ઔર જૈસે હી નજર ભીતર કી ઔર મૂડી તો એકાંત અનુભવ હોને લગતા હૈં.

**યે જીવન ઔર કુછ નહી વસ્તુત: અકેલેપન સે એકાંત કી ઔર યાત્રા હૈ. એસી યાત્રા જિસમે રાસ્તા ભી હમ હૈ ઔર મંજિલ ભી હમ હૈં.**

**- ઓશો**

## વિપત્તિ નવું જીવન આપે છે

સૉફી સૅબેજ નામની મહિલાને અડતાલીસમા વર્ષે લન્ગ્સ કેન્સર ડાયોગ્નાઈઝ થયું ત્યારે તે ઘણું એડવાન્સ સ્ટેજમાં હતું, બચવાની કોઈ આશા નહોતી તેમ છતાં સૉફી હિંમત હારી નહીં. ત્યાર પછી એને થયેલા અનુભવો વિશે એણે 'ધ કેન્સર વ્હિસ્પરર' નામનું પુસ્તક લખ્યું.

સૉફી સૅબેજ કહે છે: 'એડવાન્સ કેન્સર સાથે જીવવાની પરિસ્થિતિ બહુ વિકટ પડકાર હતો. કેન્સર મને જમીનદોસ્ત કરી નાખવા માટે પૂરતું હતું, પરંતુ મેં મારા જીવનમાં આવેલા ભયાનક વાવાઝોડાનો ધીરજપૂર્વક સામનો કરવાનો દૃઢ નિર્ધાર કર્યો હતો. મેં સમગ્ર પરિસ્થિતિને હકારાત્મક રીતે લીધી. હું મારી ટ્રીટમેન્ટ દરમિયાન આશા ગુમાવ્યા વિના સુધારાની વાટ જોતી રહી હતી અને પ્રાર્થના કરતી રહી હતી. મારામાં અગમ્ય શક્તિ જાગવા લાગી હતી. હું અત્યાર સુધી મારામાં છુપાયેલી એવી શક્તિથી અજાણ જ હતી. મને કેન્સર ડાયોગ્નાઈઝ થયું તે અગાઉ હું મારી સામે ઊભી થતી તકલીફોને રસ્તામાં દેખાઈ જતી અજાણી વ્યક્તિની જેમ જોતી હતી, મેં એની સાથે દોસ્તી બાંધી નહોતી, પરંતુ મેં કેન્સર સાથે દોસ્તી બાંધવાનું નક્કી કર્યું હતું. આપણા જીવનમાં આવતી કોઈ પણ વિપત્તિ માત્ર એક આરંભબિંદુ હોય છે, તે અંતિમ સ્થિતિ હોતી નથી. વિપત્તિ આપણને નવું જીવન આપે છે.'

સૉફી કહે છે તેમ આપણા જીવનમાં આવતી વિપત્તિ અને તેનાથી થતા દુ:ખથી ભાગવાને બદલે એનું સ્વાગત કરવું જોઈએ. તો જ આપણે કુદરતના સામાન્ય નિયમને સમજી શકીશું. તે નિયમ છે: વિસર્જનમાં જ સર્જનની શક્યતા રહેલી હોય છે. ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિનો હિંમતભેર સામનો કરી શકીએ તો વિપત્તિ આપણને નીચે પછાડતી નથી, પરંતુ ઉપર ઉઠાવે છે. આપણે જિંદગીને નવા અજવાળામાં જોવા લાગીએ છીએ. ખડકને તોડવાથી જ એમાંથી કશુંક નૂતન સરજાય છે. આપણી ભીતર જાગેલી તાકાત આપણામાં રહેલા ભય, નકારાત્મકતા અને નિરાશારૂપી ખડકને તોડી નાખે છે.

જીવનમાં ઊભા થયેલા પડકાર સામે લડવાની તૈયારી હોય તો ક્યારેય નિષ્ફળતા મળતી નથી. લેખક ડેવિડ જે. શ્વાર્ટ્ઝે ડબલ્યુ. કૅલ્વિન વિલિયમ્સ નામની વ્યક્તિનું દૃષ્ટાંત આપ્યું છે. વિલિયમ્સ પાદરી બનવા માગતા હતા. પરંતુ પંદરમી માર્ચ ૧૯૪૫ના દિવસે એ ફ્રાન્સમાં ટેન્ક પાછળ ચાલતા હતા ત્યારે ટેન્ક એક સુરંગમાં ભટકાઈ. એથી ટેન્કમાં આગ લાગી. એની પાછળ ચાલતા વિલિયમ્સ હંમેશને માટે આંધળા થઈ ગયા. એમણે અણધારી વિપત્તિ સામે હાર માની નહીં અને પાદરી બનવાનું સપનું છોડ્યું નહીં. એમણે કહ્યું હતું: 'મને લાગે છે મારો અંધાપો મારી કારકિર્દીમાં વધારે ઉપયોગી બનશે. હું કોઈ વ્યક્તિનું મોઢું જોઈ શકીશ નહીં. કોઈને જોતાંની સાથે જ આપણા મનમાં જે પ્રકારના ભાવ પેદા થાય છે એવું મારી સાથે બનશે નહીં. હું એવી વ્યક્તિ બનવા માગું છું, જેની પાસે કોઈ પણ વ્યક્તિ પોતાના મનની વાત વિના સંકોચે કહી શકે.' અણધાર્યા અંધાપાએ વિલિયમ્સમાં નવી બારી ખોલી હતી.

કોઈ પણ પ્રકારની મુશ્કેલી ઊભી થતાં જ સામાન્ય રીતે લોકોનો પહેલો પ્રત્યાઘાત હોય છે - મારી સાથે આવું કેમ બન્યું, એનું કારણ છે, મોટા ભાગના લોકો કોઈ પણ પ્રકારની સાધારણ કે અસાધારણ તકલીફ માટે માનસિક રીતે તૈયાર જ હોતા નથી. એમણે માની લીધું હોય છે કે એમના જીવનમાં કોઈ પણ પ્રકારની વિપત્તિ આવશે જ નહીં. તેઓ ઊભી થયેલી પરિસ્થિતિને કારણે જન્મેલી હતાશામાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કરતા નથી અને આવેલી તકલીફના વિષચક્રમાં વધારે ફસાતા જાય છે. આપણને પરેશાન કરી નાખતી પરિસ્થિતિ મુશ્કેલ છે કે સહેલી છે તેનો આધાર આપણે એને કેવી રીતે જોઈએ છે તેના પર રહે છે.

થોડા દિવસો પહેલાં એક અખબારમાં શ્રીદેવી મહાદેવનનો સુંદર લેખ વાંચ્યો હતો. યુ.એસ.માં મલ્ટિનેશનલ કંપનીમાં કામ કરતી એમની બહેનપણીને અચાનક નોકરીમાંથી છૂટી કરવામાં આવી. થોડા દિવસ પછી બહેનપણીમાં અસાધારણ પરિવર્તન જોવા મળ્યું. એણે નિરાશા, નોકરી છૂટવાનો આઘાત, પાછળ રાખીને નવેસરથી જીવવાનો દૃઢ સંકલ્પ કર્યો હતો. શ્રીદેવી માધવન કહે છે તેમ વિપત્તિ પોષક ખાતર જેવી હોય છે, એનાથી આપણામાં પડેલાં સુષુપ્ત બીજને વૃક્ષરૂપે વિકસવાની તાકાત મળે છે. આપણા અનુભવોને ખૂબ નજીકથી તપાસીએ તો ખબર પડશે કે શરૂઆતમાં અસહ્ય લાગેલી પરિસ્થિતિમાંથી સમય જતાં શ્રેષ્ઠતમ પરિણામ મળે છે. આપણે જીવન પાસેથી સાદા વ્યાજની જ આશા રાખીએ છીએ, જ્યારે એ તો ચક્રવર્ધી વ્યાજ આપવા માગતું હોય છે.

**- વિનેશ અંતાણી**

## સ્વચ્છતાનો ચેપ લાગી શકે !

મધ્ય પ્રદેશના સિવની શહેરના વંદના માનવટકર નામની મહિલાએ સ્વચ્છતા અંગેનો પોતાનો અનુભવ શેર કર્યો હતો. આખી વાત તેમના જ શબ્દોમાં જોઈએ:

અમારા ઘરની સામે એક ખાલી મેદાન છે ત્યાં કચરો નાખવા માટેનો ડબ્બો રાખેલો છે. હું ત્યાં જ કચરો નાંખવા જાઉં છું. કચરો નાંખવા જાઉં ત્યારે હું જોતી કે કચરો પેટીમાં હોય તેના કરતાં તો તેની આજુબાજુ વધારે કચરો પડ્યો હોય. કચરા પેટી સુધી જવા માટેનો રસ્તો શોધવો પડે કાં કચરા પર જ ચાલીને જવું પડે. આ સ્થિતિ જોઈને દુ:ખ થતું, પરંતુ કશું કરી શકતી નહોતી.

એક દિવસ હું કચરો ફેંકવા ગઈ ત્યારે સુખદ આશ્ચર્ય થયું, કારણ કે કચરા પેટી સુધી જવાનો રસ્તો એકદમ સ્વચ્છ હતો. એક બે દિવસ પછી જોયું તો કચરા પેટીની એક બાજુનો કચરો સાફ કરી દેવાયો હતો. ૭-૮ દિવસમાં તો કચરા પેટીની આજુબાજુનો તમામ કચરો સાફ થઈ ગયો. એક દિવસ મારું ધ્યાન પડ્યું કે એક વૃદ્ધ વ્યક્તિ રોજ સવારે ઊઠીને સાવરણો, લાકડી અને માચિસ લઈને મેદાનમાં પહોચી જાય છે અને શરૂ કરી દે છે સફાઈ અભિયાન. હું તેમને ઓળખી ગઈ, તેઓ અમારા ઘરથી થોડા અંતરે જ રહે છે અને તેમનું નામ છે ગાર્વેદાદા.

ગાર્વેદાદા સાવરણા અને લાકડીની મદદથી કચરો એકઠો કરે છે અને પછી કચરો સળગાવી દે છે. ગાર્વેદાદાએ થોડા દિવસોમાં જ સ્વચ્છતાના સંદેશવાહક બનીને સમગ્ર મેદાનને સ્વચ્છ બનાવી દીધું છે. શરીરથી કૃષકાય એવા ગાર્વેદાદાનું મોતિયાનું ઑપરેશન હજુ હમણાં જ થયું છે, છતાં તેમના સફાઈ અભિયાનની આડે કશું આવતું નથી.'

દરેક સોસાયટીને ગાર્વેદાદા જેવા સમજુ નાગરિક મળવા જોઈએ. સ્વચ્છતાનો ચેપ લાગી શકે. એક સામાન્ય વ્યક્તિની પહેલનો મોટો પ્રભાવ પડી શકે છે. નાગરિક તરીકે આપણે સૌ સ્વચ્છતાની જવાબદારી સમજીએ તો દેશ રાતોરાત સ્વચ્છ થઈ જાય.

**- સૌ. દિવ્ય ભાસ્કર**

## સ્વપ્ન જોનાર જ તેને પૂરો કરી શકે

સ્વપ્નના હરણને ક્યારેય કોઈ મર્યાદા કે વાડાબંધી નડતી નથી. આંખો મીંચી એટલે આસપાસના તમામ વિઘ્નો દૂર થઈ જાય. આર્થિક મર્યાદા હોય કે પછી અન્ય કોઈ પરેશાની હોય, સઘળું જાણે અલોપ થઈ જાય છે. પરંતુ ઘણા સપના એવા હોય છે જે આંખ ઉઘડવા છતાં અતૂટ જ રહે છે. બસ, આવું જ એક સપનું પૂણેના ખડકીમાં આવેલી એક નાનકડી કોલોનીના ગ્રાઉન્ડમેનના પુત્રએ જોયું હતું. ત્યારે તેના નાનકડા હાથમાં એક તુટેલી હોકી સ્ટીક હતી. જેને તેના ભાઈઓએ ગુંદર અને સુતલીથી સાંધીને રમવા લાયક બનાવી આપેલી. ધનરાજને ત્યારે ખબર ન હતી કે, તેને માત્ર હોકી સ્ટીક જ મળી નથી, પણ એક 'જાદુઈ સ્ટીક' મળી હતી, જેના થકી તે આવનારા દિવસોમાં આખી દુનિયામાં ડંકો વગાડી દેવાનો હતો. આ નાનકડો છોકરો એટલે આધુનિક ભારતીય હોકીનો મહાન ખેલાડી ધનરાજ પિલ્લાઈ.

ધનરાજનો જન્મ પૂણેમાં આવેલા ખડકીમાં ૧૬ જુલાઈ, ૧૯૬૮ ના રોજ એક અતિ સામાન્ય પરિવારમાં થયો હતો. તે સમયે ભારતમાં હોકીની બોલબાલા હતી. આજ કારણે સાંજ પડે સોસાયટીના છોકરાઓ ચોકમાં ભેગા થાય એટલે હોકી શરૂ થતી. હોકીમાં કુશળ એના મોટા ભાઈઓ નાનકડા ધનરાજને તુટેલી હોકી સ્ટીક ગુંદર અને સુતલીથી સાંધીને આપતા. તેની સાથે તુટી ગયેલો બોલ પણ મળતો. તેને કહેવામાં આવતું કે, તું આનાથી પ્રેકટીસ કર, તને બરોબર આવડી જશે એટલે સારી હોકી સ્ટીક સાથે ટીમમાં લઈ લેશું. ત્યારે ધનરાજને એ ગમતું નહીં, પણ બાળપણમાં આ પ્રકારે કરેલી પ્રેકટીસથી તેની રમતમાં દિવસે દિવસે વધુ નિખાર આવવા માંડ્યો.

ધનરાજના મોટા ભાઈ રાકેશ પિલ્લાઈને મુંબઈની એક કલબમાં સ્થાન મળ્યું. સ્કુલમાં વેકેશન પડે એટલે ધનરાજ તેના ભાઈ પાસે મુંબઈ પહોંચી જતો. જ્યાં પ્રેક્ટીસ દરમ્યાન રાકેશના કોચની નજર તેના પર પડી. તેમણે ધનરાજને કલબમાં સામેલ કરી લીધો. થોડા સમય બાદ ૧૯૮૯ માં તેને સૌ પ્રથમ ભારતીય હોકી ટીમમાં સ્થાન મળ્યું અને ત્યાર બાદ તેણે ક્યારેય પાછું વળીને જોયું નથી. ધનરાજ પિલ્લાઈની ગજબનાક ઝડપ, બોલ પર નિયંત્રણ રાખવાની અને હરીફ ખેલાડીને બીટ કરવાની કુશળતા આજે પણ બેજોડ મનાય છે. તે ભારતનો એકમાત્ર એવો હોકી ખેલાડી છે કે જે ચાર વખત ઓલમ્પિકમાં ભાગ લઈ ચુક્યો છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય હોકીની પંદર વર્ષ સુધી એકધારી સેવા કરનારા ધનરાજે ૩૦૦ થી વધારે મેચોમાં દેશનું પ્રતિનિધિત્વ કર્યું છે અને ૧૫૦ થી વધુ આંતરરાષ્ટ્રીય ગોલ પણ ફટકાર્યા છે.

ભારતીય હોકીમાં જીવંત દંતકથા બની ગયેલા ધનરાજ પિલ્લાઈની એક તુટેલી હોકી સ્ટીકથી શરૂ થયેલી સફરે તેને સફળતાની ટોચે પહોંચાડી દિધો છે. એક સમયે નાની-નાની જરૂરીયાતોને પુરી કરવા માટે સંઘર્ષ કરતા ધનરાજને આજે કશાની કમી નથી. ધનરાજ યુવાનોને કહે છે કે ''તમારા સપનાને તુટવા ન દેશો, સતત પ્રયાસ જારી રાખો તો સફળતા જરૂર મળે છે. ક્યારેક તેમાં થોડું વહેલું-મોડું થાય ખરું, પણ સફળતા મળશે તેની ખાત્રી છે જ !''

**- ક.વી.ઓ. ખબર પત્રિકા**

## ''વાંચકોના પત્રોમાંથી''

પરમ સ્નેહી શ્રી રમેશભાઈ દોશી,

વિશેષમાં 'ગોરક્ષા પાત્ર' મને નિયમિત મળે છે અને એનું વાચન પણ પ્રસન્નતાનું કારણ બને છે. આટલા ઓછાં પૃષ્ઠ હોવા છતાં પ્રેરક અને માહિતીસભર વિચારપાથેય મળે છે અને સવિશેષ તો સમાજને આવશ્યક દિશાદર્શન આપવાની તમારી ભાવનાનો સુંદર પ્રતિઘોષ સંભળાય છે. અન્ય કોઈ રીતે પણ હું તમને સહયોગી થઈ શકું તેમ હોય તો જણાવશો.

**- ડૉ. કુમારપાળ દેસાઈ**

વંદનીય શ્રી રમેશભાઈ,

સ્વસ્થ હશો જ. ''ગોરક્ષા પાત્ર'' નો ઑગસ્ટનો અંક મળી ગયો. ખૂબ ખૂબ અભિનંદન. ૧૬ પાનામાં આપ અદ્ભુત જીવન ઉપયોગી સાહિત્ય જમાડો છો! આપના દ્વારા પિરસાતું સાહિત્ય-ભોજન ''અમૃત'' તુલ્ય છે. તૃપ્તિ થતી નથી. હજી વધારે આપો, આપતા રહો તેવી પ્રભુને પ્રાર્થના. ગુસ્સાનો ઉકેલ સચોટ છે. શ્રી ચન્દ્ર શાહની કવિતા ઘણું બધું કહી જાય છે. એકે એક ઘટનાઓ હૃદયસ્પર્શી છે. આવા સુંદર પ્રસંગોની પસંદગી બદલ ધન્યવાદ. આભાર

**- લિ. કિરણભાઈના જય પ્રભુ, ભાદરણ, જિ. આણંદ**

સ્નેહી શ્રી રમેશભાઈ,

જુલાઈ ૨૦૧૭ નો ગોરક્ષાપાત્ર અંક મળ્યો. ખુણે ખાંચરેથી ઉત્તમ શોધીને 'ગો.પા.' માં આપો છો તે બદલ ધન્યવાદ ''વૃધ્ધાશ્રમ'' લેખ ઈશ્વર પર શ્રધ્ધા દૃઢ કરવામાં સહાય કરે છે. પ્રેષક-જતીન દોશીને અભિનંદન.

તંત્રીલેખ હૃદયસ્પર્શી છે. સ્વદેશીનો આગ્રહ અને સ્વચ્છતાનું પાલન, આ બે અમલમાં મૂકાય તો ભારત વિશ્વની ૧ નંબરની તાકાત બની શકે.

**- લિ. લવજી ચૌધરી, ''દિવ્યશાંતિ'', મહેસાણા**

## અપીલ

ગોરક્ષાપાત્રના ઓક્ટોબર ૨૦૧૭ ના અંકમાં પ્રિન્ટ કોપી સ્વૈચ્છીક રીતે જતી કરવાની અપીલનો સુંદર પ્રતિસાદ મળી રહ્યો છે. વાંચકો, હજુ પણ મોડુ નથી થયું જેને માટે પણ શક્ય હોય તેમણે પ્રિન્ટ કોપી જતી કરીને અંક આપણી વેબસાઈટ www.gorakshapatra.org પરથી વાંચી લે. પ્રિન્ટ કોપી જતી કરવા પોતાનો ગ્રાહક નંબર, નામ તથા શહેરનું નામ 9323412471 પર WHATS APP દ્વારા જણાવે.

**- લિ. સંપાદક મંડળ**

## કાવ્ય

**મન નું મન માં રાખતા નહીં,**
**તક મળે ત્યાં બોલી દેજો!**

**ગૂંચ બનવાની રાહ ના જોતા,**
**ગાંઠ મળે ત્યાં ખોલી લેજો!**

**હોઠ મળે જો કોરા ક્યાંય,**
**સ્મિત તમારું આપી દેજો!**

**પાંપણ મળે જો ભીના ક્યાંય,**
**અશ્રુ એના લૂછી લેજો!**

**અભિમાન ઓગળવાની આવડત રાખી,**
**સ્વાભિમાનનું સૌંદર્ય પણ સાચવી લેજો!**

**અંત તો આવશે જીવનમાં અનેક,**
**પ્રત્યક્ષ ક્ષણને પકડી, અનંત એમાં જીવી લેજો!...**

**- પ્રેષક: શાંતિલાલ ગડા.**

## આભાર

**પ્રીન્ટ કોપી સ્વેચ્છાથી જતી કરનાર ગ્રાહકોની નામવલી**

| | | | |
|---|---|---|---|
| (૧) | GJ-656 | સુરેશ સોની | રાજેન્દ્રનગર |
| (૨) | MH-809 | ભરત શાહ | નાગપુર |
| (૩) | MB-263 | દિનેશચંદ્ર એલ. શેઠ | મુંબઈ |
| (૪) | MB-225 | શ્રીમદ્ રાજચંદ્ર મંદિર | મલાડ, મુંબઈ |

## લવાજમ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. હસમુખભાઈ જોગીયા | - મલાડ | ૫૦૦/- |
| ૨. વિષ્ણુભાઈ પંચાલ | - માલસર | ૪૦૦/- |
| ૩. ભરતસિંહ રામસિંહ | - સચીન | ૧૦૦/- |
| ૪. સંજય એમ. શાહ | - ઉમરગાંવ | ૧૦૦/- |
| ૫. અશોકભાઈ શાહ | - દાદર | ૩૦૦/- |
| ૬. ગીતાબેન જૈન | - મુલુંડ | ૨૦૦/- |

**નોંધ: આપનું લવાજમ રમેશ એસ. દોશી, બેંક ઓફ ઈંડીયા, મલાડ, મુંબઈ બ્રાંચ, ખાતા નંબર 003110100021366 માં ભરવા વિનંતી.**
**Bank Code: IFSC BKID 0000031**

### આભાર

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ તરફથી, ૨૦ ગ્રાહકોને ગોરક્ષાપાત્ર મળે એ હેતુથી, ઈન્સ્ટિટ્યુટ ઓફ જૈનોલોજીનો ૨૦૦૦ રૂપિયાનો ચેક મળેલ છે જેનો હર્ષ અને આભારની લાગણી સાથે સ્વીકાર કરીએ છીએ.

R.N.I. No.MAHGUJ / 2002 / 9750

## ''કાંચની બરણી ને બે કપ ચા''

જીવનમાં જ્યારે બધું એક સાથે અને જલ્દી-જલ્દી કરવાની ઈચ્છા થાય, બધું ઝડપથી મેળવવાની ઈચ્છા થાય અને આપણને દિવસના ૨૪ કલાક પણ ઓછા લાગવા લાગે ત્યારે આ બોધકથા ચોક્કસ યાદ આવવી જોઈએ.

દર્શનશાસ્ત્રના એક સાહેબ (ફિલોસોફીના પ્રોફેસર) વર્ગમાં આવ્યા અને વિદ્યાર્થીઓને કહ્યું કે એ આજે જીવનનો એક મહત્વપૂર્ણ પાઠ ભણાવવાના છે.

એમણે પોતાની સાથે લાવેલી એક મોટી કાંચની બરણી (જાર) ટેબલ પર રાખી એમાં ટેબલ ટેનીસના દડા ભરવા લાગ્યા અને જ્યાં સુધી એમાં એકપણ દડો સમાવાની જગ્યા ન રહી ત્યાં સુધી ભરતા રહ્યા.

પછી એમણે વિદ્યાર્થીઓને પૂછ્યું, ''શું આ બરણી ભરાઈ ગઈ છે?'' ''હા''નો આવાજ આવ્યો.

પછી સાહેબે નાના-નાના કાંકરા એમાં ભરવા માંડ્યા, ધીરે-ધીરે બરણી હલાવી તો ઘણાખરા કાંકરા એમાં જ્યાં-જ્યાં જગ્યા ખાલી હતી ત્યાં-ત્યાં સમાઈ ગયાં.

ફરી એક વાર સાહેબે પૂછ્યું, ''શું હવે આ બરણી ભરાઈ ગઈ છે?'' વિદ્યાર્થીઓએ ફરીથી ''હા'' કહ્યું.

હવે સાહેબે રેતીની થેલીમાંથી ધીરે-ધીરે બરણીમાં રેતી ભરવાનું શરૂ કર્યુ, રેતી પણ બરણીમાં જ્યાં સમાઈ શકતી હતી ત્યાં સમાઈ ગઈ. એ જોઈ વિદ્યાર્થીઓ પોતાના બંને જવાબ પર હસવા માંડ્યા. ફરી સાહેબે પૂછ્યું, ''કેમ? હવે તો આ બરણી પૂરી ભરાઈ ગઈ છે ને?'' ''હા!! હવે તો પૂરી ભરાઈ ગઈ.'' બધા વિદ્યાર્થીઓએ એક સ્વરમાં કહ્યું. હવે સાહેબે ટેબલ નીચેથી ચાના ભરેલા બે કપ બરણીમાં ઠાલવ્યા, ને ચા પણ બરણીમાં રહેલી રેતીમાં શોષાઈ ગઈ. એ જોઈ વિદ્યાર્થીઓ તો સ્તબ્ધ થઈ ગયા.

હવે સાહેબે ગંભીર અવાજમાં સમજાવાનું શરુ કર્યું.

''આ કાંચની બરણીને તમે તમારું જીવન સમજો, ટેબલ ટેનીસના દડા સૌથી મહત્વપૂર્ણ ભાગ એટલે કે ભગવાન, પરિવાર, મિત્રો, સ્વાસ્થ્ય અને શોખ છે, નાના-નાના કાંકરા એટલે કે તમારી નોકરી-વ્યવસાય, ગાડી, મોટું ઘર વગેરે છે અને રેતી એટલે નાની નાની બેકારની વાતો, મતભેદો, ઝગડા છે. જો તમે તમારી જીવનરૂપી બરણીમાં સર્વપ્રથમ રેતી ભરી હોત તો તેમાં ટેબલ ટેનીસના દડા ને નાના-નાના કાંકરા ભરવાની જગ્યા જ ન રહેત, ને જો નાના-નાના કાંકરા ભર્યા હોત તો દડા ન ભરી શક્યા હોત, રેતી તો જરૂર ભરી શકત. બસ આજ વાત આપણા જીવન પર પણ લાગુ પડે છે. જો તમે નાની નાની વાતો વ્યર્થના મતભેદ કે ઝગડામાં પડ્યા રહો ને તમારી શક્તિ એમાં નષ્ટ કરશો તો તમારી પાસે મોટી-મોટી અને જીવન માટે જરૂરી અથવા ઈચ્છિત વસ્તુ કે વાતો માટે સમય ફાળવી જ નહી શકો. તમારા મનના સુખ માટે શું જરૂરી છે તે તમારે નક્કી કરવાનું છે, ટેબલ ટેનીસના દડાની ફિકર કરો, એ જ મહત્ત્વપૂર્ણ છે, બાકી બધી તો રેતી જ છે. વિદ્યાર્થીઓ ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા હતા ને અચાનક એકે પૂછ્યું, ''સાહેબ! પણ તમે એક વાત તો કહી જ નહિ કે ''ચા ના ભરેલા બે કપ'' શું છે?'' સાહેબ હસ્યા અને કહ્યું, ''હું એ જ વિચારું છું કે હજી સુધી કોઈએ આ વાત કેમ ના પૂછી?'' ''એનો જવાબ એ છે કે, જીવન આપણને કેટલું પણ પરિપૂર્ણ અને સંતુષ્ટ લાગે, પણ આપણા ખાસ મિત્ર સાથે ''બે કપ ચા'' પીવાની જગ્યા હંમેશા હોવી જોઈએ.''

**- શાંતિલાલ ગડા**

---

**Post Registration No. MNW/277/2015-17**
**RNI No. MAHGUJ/2002/9750**
**Posted at Liberty Garden, P.O.**
**on 5th or 6th of every month.**

**"Licence to Post Without Pre Payment"**
**WPP-Lic. No. MR/Tech/WPP-330/NW/2017**



ગોરક્ષા પાત્ર
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

To,

**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**શ્રી રમેશ એસ. દોશી (નિમિત માત્ર),**
**બી/૬૦૧, નંદનવન, નરસિંગ લેન, ડી.એસ. નગર,**
**મલાડ (પ.), મુંબઈ-૬૪. મો.નં.: ૭૫૦૬૭૫૦૨૫૧**
**Email: doshir65@gmail.com**
**સંપાદક મંડળ: શ્રી શાંતિલાલ ગડા, શ્રી મનોજ રાજગુરૂ**
**Web: www.gorakshapatra.org.**
**મુદ્રણ સ્થળ: ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ,**
**અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**